Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આત્માનંદ પ્રકાશ



-: પ્રકાશક :

શ્રી જૈન આત્માનંદ સભા

ભાવનગર

પુસ્તક : ૬૪ | અંક : ૩
વીર સં. ૨૪૯૩ | વિ. સં. ૨૦૨૩
આત્મ સં. ૭૦ | પોષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનુક્રમણિકા

ક્રમ	વિષય	લેખકનું નામ	પૃષ્ઠ.
૧	સમ્યગ્દષ્ટિ ક્યારે થવાય ?	શ્રીમદ્ રાજચંદ્રજી	૪૧
૨	જીંદગી ધાંધલ કે ધમાલ માટે નહીં, ધીરજ અને સમતાથી જીવવા માટે છે	મુનિશ્રી ચિત્રભાનુ	૪૨
૩	અપરિગ્રહ અને તપશ્ચર્યા	રતિલાલ મફાભાઈ	૪૩
૪	યોગશાસ્ત્ર અને તેનું સ્વોપજ્ઞ વિવરણ ...	હીરાલાલ ર. કાપડિયા	૪૮
૫	પ્રેમનું પરિમળ	મનસુખલાલ તા. મહેતા	૫૦
૬	શ્રીમદ્ રાજચંદ્ર	——	૫૪

ખાસ વિજ્ઞપ્તિ

આ સભાના જ્ઞાનખાતામાં સારી એવી તૂટ છે. આ માટે દાન આપવા ઉદાર દાતાઓને વિનંતિ કરવામાં આવે છે.

—: ભેટ પુસ્તક માટે વિજ્ઞપ્તિ :—

શ્રી આત્માનંદ પ્રકાશનું ભેટનું પુસ્તક પ. પૂ. મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી (ચિત્રભાનુ) મહારાજ વિરચિત 'ચાર સાધન' તૈયાર છે. ત્રીસ પૈસાની પોષ્ટની સ્ટાંપ્સ મોકલીને જે સભ્ય સાહેબોએ હજી સુધી ન મંગાવેલ હોય તેમને મંગાવી લેવા વિનતી છે.

શ્રી મૂળચંદજી મહારાજની પુણ્યતિથિ

તપાગચ્છાધિપતિ સ્વ. પૂ. શ્રી મૂળચંદજી મહારાજ ગણિવર્યની સ્વર્ગવાસ તિથિ અંગે આપણી સભા તરફથી માગશર વદી ૬ ને સોમવારના રોજ અત્રેના શ્રી દાદાસાહેબ જિનમંદિરમાં સવારે ૧૦ કલાકે શ્રી આત્મવલ્લભકૃત પંચપરમેષ્ઠીની પૂજા ભણાવી દેવગુરુ ભક્તિ કરી પુણ્યતિથિ ઉજવામાં આવેલ હતી. તેમજ આંગી રચના કરવામાં આવેલ હતી. આ પ્રસંગે સભાસદ બંધુઓ તથા અન્ય ગૃહસ્થોએ સારા પ્રમાણમાં લાભ લીધો હતો.

ભાડે આપવાનું છે.

ભાવનગર ખારગેટ-દાદાજીની હવેલી પાસે સભાનું એક ચાર માળનું મકાન આવેલ છે. આ મકાનનો ત્રીજો-ચોથો માળ ભાડે આપવાનો છે. ભાડે રાખવા ઇચ્છનાર ભાઇઓએ નીચેના સ્થળે મળવું.

શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૬૪ : અંક ૩
: પોષ ૨૦૨૩ :
: જાન્યુઆરી ૧૯૬૭ :

સમ્યગ્દૃષ્ટિ ક્યારે થવાય ?

"અનંતાનુબંધી ક્રોધ, અનંતાનુબંધી માન, અનંતાનુબંધી માયા અને અનંતાનુબંધી લોભ એ ચાર તથા મિથ્યાત્વમોહિની, મિશ્રમોહિની, સમ્યક્ત્વમોહિની એ ત્રણ એમ એ સાત પ્રકૃતિ જ્યાં સુધી ક્ષયોપશમ, ઉપશમ કે ક્ષય થતી નથી ત્યાંસુધી સમ્યક્દૃષ્ટિ થવું સંભવતું નથી. એ સાત પ્રકૃતિ જેમ જેમ મંદતાને પામે તેમ તેમ સમ્યક્ત્વનો ઉદય થાય છે. તે પ્રકૃતિઓની ગ્રંથિ છેદવી પરમ દુર્લભ છે. જેની તે ગ્રંથિ છેદાઈ તેને આત્મા હસ્તગત થવો સુલભ છે. તત્ત્વજ્ઞાનીઓએ એજ ગ્રંથિ ભેદવાનો ફરી ફરીને બોધ કર્યો છે. જે આત્મા અપ્રમાદપણે તે ભેદવા ભણી દૃષ્ટિ આપશે તે આત્મા આત્મત્વને પામશે એ નિઃસંદેહ છે."

* * *

"આત્મા અત્યંત સહજ સ્વસ્થતા પામે એજ સર્વ જ્ઞાનનો સાર શ્રી સર્વજ્ઞે કહ્યો છે.

અનાદિકાળથી જીવે અસ્વસ્થતા નિરંતર આરાધી છે, જેથી સ્વસ્થતા પ્રત્યે આવવું તેને દુર્ગમ પડે છે. શ્રી જિને એમ કહ્યું છે કે યથાપ્રવૃત્તિકરણ સુધી જીવ અનંતીવાર આવ્યો છે, પણ જે સમયે ગ્રંથિભેદ થવા સુધી આવવાનું થાય છે ત્યારે ક્ષોભ પામી પાછો સંસારપરિણામ થયા કર્યો છે. ગ્રંથિભેદ થવામાં જે વીર્યગતિ જોઈએ તે થવાને અર્થે જીવે નિત્યપ્રત્યે સત્સમાગમ સદ્વિચાર અને સદ્ગ્રંથનો પરિચય નિરંતરપણે કરવો શ્રેયભૂત છે."

—આત્મજ્ઞ સંત શ્રીમદ્ રાજચંદ્રજી (પત્રાંક ૪૭, ૫૯૩)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જિન્દગી ધાંધલ કે ધમાલ માટે નહીં, ધીરજ અને સમતાથી જીવવા માટે છે

પ્રવચનકાર : પૂજ્ય મુનિ શ્રી ચિત્રભાનુ મહારાજ

માનવી પાસે જેવી દૃષ્ટિ હોય છે તેવી તે સૃષ્ટિ જુએ છે. જીવનને ધન્ય બનાવવા માટે આધ્યાત્મિક વિચાર, વાચન અને સમજણ જોઈએ છે. જીવનને વ્યવસ્થિત બનાવવા માટે આત્મ-સંસ્કાર અને આધ્યાત્મિક દૃષ્ટિ અનિવાર્ય છે.

જિંદગી વ્યવસ્થાભરી દૃષ્ટિથી, સમજણ ભર્યો વિચાર અને સંસ્કારથી સમૃદ્ધ બને છે. જિંદગીનાં વર્ષો-આયુષ્ય પૂર્ણ થાય ત્યાં સુધી સુંદર રીતે જીવો.

આધ્યાત્મિક દૃષ્ટિ માટે વાણી, વિચાર અને વર્તનમાં, વિનય અને વિવેકનું દર્શન થવું ઘટે.

માનવીને જાણવા માટે તેને જાગૃત કરો. વાણી ઉપરથી કુળ જણાય છે. વર્તન અને વિચાર ઉપરથી માનવીનું અંતર–હૃદય અને ભાવ જાણી શકાય છે.

માનવી જીવનમાં જેમ જેમ ઉર્ધ્વગતિ પામે છે તેમ તેમ તેનામાં સૂક્ષ્મતા આવે છે. સંસ્કાર અને સમજણપૂર્વક શાંતિથી જીવન જીવવાની કળા પ્રાપ્ત થાય છે.

જગત આખું ગરમ થાય તો થવા દો, પણ તમે કદી ગરમ ન થાવ. તમે તમારાં મન અને હૃદય, સમતા તથા સહનશીલતાપૂર્વકના વિચારથી શાંત અને પ્રસન્ન રાખો.

ચતુર માનવી બોલવા અને શ્રવણ કરવા થકી વિચારશીલ અને વિવેકવાન બને છે.

તમે તમારા આત્માથી આધ્યાત્મિક સુખ શાંતિ ભોગવો. સમયને સુંદર રીતે વ્યવસ્થિત કરી ગોઠવો. તમારા મગજનાં જ્ઞાનતંતુને નુકશાન થાય તેવું વાંચો, વિચારો કે બોલો નહીં. ગરમ કદી ન થાવ. ક્રોધ આવે ત્યારે સમતા રાખો–મૌન રાખો. વિચારપૂર્વક સમતા પાળો. અને નવકાર મંત્રનું મનમાં રટણ કરો.

યુવાનીમાં તમે તમારા આત્માનો વિચાર કરી સુખ શાંતિ ભોગવો. વૃદ્ધ થઈ ગયા પછી ઘણું મોડું થઇ ગયું હશે. માટે જ તમે તમારા આત્માનું સુખ યૌવનમાં જ માણો.

આજે માનવી પાસે વિચાર કરવાનો સમય નથી. જિંદગીને શાંતિથી માણવાનો સમય નથી. જિંદગી ધાંધલ કે ધમાલ માટે નથી. જિંદગી વિચારપૂર્વક જીવવા માટે છે.

જીવનની બધી જ પ્રવૃત્તિઓ પાછળ પ્રસન્નતાનો આનંદ જોઇએ. જીવનનું ઊંડાણ મનો મંથનથી સમજો અને વિચારીને તમારા જીવનની યોજના ઘડો.

માનવીની જિંદગી ઝડપથી પસાર થઈ જાય છે. જિંદગી કોઈથી રોકી શકાતી નથી. દરરોજ માનવીની ક્ષણો મૃત્યુ તરફ પ્રયાણ કરી રહી છે.

તમે એકાંત મૌનમાં રહી આત્માનું ચિન્તન કરો, સર્જન શું કર્યું તેનો વિચાર કરો. વાણીમાં માધુર્ય જોઇએ, જીવનમાં શાન્તિ અને આત્મામાં પ્રસન્નતાનો પ્રકાશ છે ખરો? આ હોય તોજ જીવન જીવંત છે, નહિ તો એક નિષ્ફળ ફેરો છે.

—('દિવ્યદીપ'માંથી સાભાર)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અપરિગ્રહ અને તપશ્ચર્યા

લેખક : રતિલાલ મફાભાઇ-માંડળ

આ વિશ્વમાં ચોતરફ ફેલાયેલાં ઘોર દુઃખોનું મૂળ કારણ હિંસાવૃત્તિ હોઇ મન, વચન અને કાયાથી હિંસા કરવી નહીં, કરાવવી નહીં કે એને અનુમોદવી નહીં-કહી ભગવાન મહાવીરે અહિંસાને આધ્યાત્મિક જીવનનો મૂળ પાયો કહ્યો છે. અને તેથી એમણે અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહાદિ પંચમહાવ્રતોને મુખ્યત્વે એક અહિંસામાંજ સમાવી લીધા છે. અર્થાત્ એક અહિંસા ધર્મના પૂર્ણ પાલનમાં જ અન્ય ચાર મહાવ્રતોનું પાલન આવીજ જાય છે. એ પાંચ મહાવ્રતોને એક બીજા સાથે એવો ઘનિષ્ટ સંબંધ છે કે એકમાં જો કચાશ રહે છે તો મૂળ સાધનાજ નિષ્ફળ જાય છે.

એક કાળે બ્રાહ્મણવર્ગ અપરિગ્રહ વ્રતનું પાલન કરતો. પણ લગ્નજીવન એણે છોડ્યું નહોતું. જેથી કુટુંબની જવાબદારી અને એના ભરણપોષણમાં એ એવો ગૂંચવાઇ ગયો કે એની જ્ઞાનસાધનાજ તૂટી પડી. ને એથી એ ન રહ્યો વાટનો કે ન રહ્યો ઘાટનો એવી એની દશા થઇ પડી હતી. ભગવાન મહાવીરે આવી બધી નબળાઇઓનો ખ્યાલ રાખી અહિંસા ધર્મના પાલન કાજે ભૌતિક કે માનસિક એવા અપરિગ્રહ વ્રતને અહિંસા ધર્મનો પાયો કહ્યો છે.

કુદરત ઘણું ખરૂં જરૂરિયાત જેટલુંજ ઉત્પન્ન કરે છે. એથી આપણી જરૂરિયાત કરતાં વધુ વાપરવું તેમજ સ્વાર્થવશ બની આપણી બુદ્ધિ કે કાંડાના બળે બીજાઓના ભોગે આંચકી લેવું એ ચોરી છે. અને એવી ચીજોનો ભોગોપભોગ માટે સંગ્રહ કરી રાખવો એ પરિગ્રહ છે.

એ પરિગ્રહને કારણે વસ્તુ પ્રત્યેનો મોહ ઉત્પન્ન થાય છે. મોહથી લોભ, લોભથી અસંતોષ, અસંતોષથી અજંપો, અને અજંપાને કારણે અશાંતિ વધ્યે જાય છે. સાથે લૂંટાયેલાઓના ક્રોધ અને દ્વેષનો ભોગ થવાના કારણે ભય અને ડરથી વસ્તુને સાચવી રાખવાની રાત-દિવસ અનેક યુક્તિઓ પણ રચવી પડે છે. એમાં જો વળી એ સફળ થાય છે તો વળી ઘમંડ, વિલાસ ને સત્તા ખુમારીના તોફાનો આચરી વધુ પીડાય છે અને બીજાને પણ પીડવા-દબાવવા કારસ્તાનો રચ્યે જાય છે.

વળી બીજી બાજુ કચડાયેલા, લૂંટનારાઓ પ્રત્યે હંમેશા શંકાની નજરે જોતા હોઇ દ્વેષ, વેર અને કડવાશ પોષી પ્રસંગ આવે ભડકો જગાવવા તૈયાર બની બેઠા હોય છે ને એમ છતાં એમનું સત્ત્વ હણાઇ ગયું હોય છે તો તે ચોરી, લૂંટ, ઈર્ષ્યા, આળસ, સ્વાર્થબુદ્ધિ, સંકુચિતતા અને અનુદારતા જેવા દુર્ગુણોમાં ઘેરાઇ એવા વિકૃત બની જાય છે કે પછી એ પોતેજ સમાજને માટે એક વિકટ સમસ્યારૂપ બની રહે છે.

આમ આ એક પરિગ્રહ લાલસાને કારણે સમાજો શું કે સંપ્રદાયો શું, બધાજ હંમેશા કલહો-યુદ્ધો, કાવાદાવા અને ખટપટોમાં પડી જઇ જગત આખામાં અશાંતિની આગ પ્રસરાવી મૂકે છે.

જોકે એ ઇચ્છે છે તો શાંતિ, પણ શાંતિના નામેજ એ અશાંતિ પેદા કરે છે. યુદ્ધોથીજ શાંતિ આવશે એમ એ માનવા લાગે છે. બીજી બાજુ યુદ્ધોથી નહીં પણ અહિંસાથી જ શાંતિ જન્માવી શકાય એમ છે એમ જેઓ માને છે તેઓ પણ ગોવંશાદિક પશુઓની કતલદ્વારા, માંસવિક્રયનો વેપાર વધારવામાં, ક્રૂરતાપૂર્વક મારી નાખવા માટે વૈજ્ઞાનિક સંશોધનના બહાને વાંદરાઓની નિકાસ કરવામાં તેમજ મત્સ્યોદ્યોગ તથા મરઘાં ઉછેરનો ધંધો ખીલવવામાં અને એ રીતે એ પૈસા દેશમાં વધારવામાંજ સુખ લાવી શકાશે એમ માને છે.

પણ શાંતિની સ્થાપના માટે અહિંસા-પ્રેમ એજ એક માત્ર અમોઘ શસ્ત્ર છે. દુશ્મનોને જીતી એમના હૃદયમાં સ્થાન મેળવવાની અદ્‌ભૂત શક્તિ એ અહિંસામાંજ છે. યુદ્ધોને, ઘર્ષણોને-કડવાશોને ટાળવાની તાકાત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ એજ એક માત્ર અમૃતૌષધિ અહિંસામાં જ ભરી પડેલી છે. પણ એમ છતાં અહિંસા એનો પ્રભાવ પાથરવામાં આજે કારગત નીવડતી નથી, કારણકે અહિંસાને નામે, દેશની સંપત્તિ અને સમૃદ્ધિ વધારવાને નામે જે હિંસા ચાલી રહી છે અને એના પરિણામે હૃદયની કઠોરતા, શુષ્કતા તથા સંપત્તિભૂખની લાલસાને જે પોષણ મળી રહ્યું છે એ અહિંસાની સાધના માટેનું વિઘાતક પગલું છે એમ સહેજે લાગ્યા વિના રહેતું નથી.

એ સંપત્તિભૂખ આજે તો એટલી વ્યાપક બની ગઈ છે કે એના પરિણામે જ અનીતિ, કાળાંબજાર, છળપ્રપંચ, જૂઠ તથા શાહુકારી ચોરી જેવા દુર્ગુણો–આજે સમાજવ્યાપી બની ગયા છે કારણકે આજે આપણે સહુ સંપત્તિભૂખ, વિલાસ, અર્થલાલસા, પરિગ્રહ, મોહ અને વૈભવ પ્રદર્શનની હરીફાઈમાં અટવાઈ પડ્યા છીએ. એથી જ્યાંસુધી હિંસા-અશાંતિના મૂળ કારણરૂપ આર્થિક અસમાનતા ન તૂટે, સત્તા-સંપત્તિ કે પરિગ્રહમોહ ન છૂટે તેમજ બીજાનું આંચકી લેવાની વૃત્તિ ન જાય ત્યાંસુધી અહિંસા કેવી રીતે ફળદાયિની બની શકે? એક બાજુ સ્વાર્થવશ બની અન્યનું સુખ લૂંટવું અને પછી લૂટાયેલાઓનો પ્રેમ સંપાદન કરવા મથવું એ બે સાથે ન બની શકે. એથી અન્યના સુખ માટે આપણે ઘસાતાં ન શીખીએ, એમને ખાતર ત્યાગ ન કરી શકીએ ત્યાંસુધી અહિંસાની સાધના સફળ ન થાય, અને એ ન થાય ત્યાંસુધી જગત પર સુખ–શાંતિનું વાતાવરણ પણ નિર્માણ ન થઈ શકે.

આથી અહિંસાની સાધના માટે જીવનની જરૂરિયાતો ઘટાડતા રહી સાદા સંયમી જીવન જીવવાનો અભ્યાસ પાડવો અને છેવટે પૂર્ણપણે અપરિગ્રહી—ત્યાગી જીવનના આદર્શને સિદ્ધ કરવો એ મહાવીરનો એ યુગમાં જગતને ખાસ સંદેશ હતો. અને આજે જ્યારે આખું જગત અર્થ અને સત્તાની હરીફાઈમાં પડી જવાને કારણે દાવાનલ પર આવીને ઊભેલું છે ત્યારે તો એ સંદેશની કિંમત અનેકગણી વધી જાય છે.

અપરિગ્રહી–ત્યાગી જીવન વિના અહિંસાની સાધના સફળ બને જ નહીં એવું ભ. મહાવીરનું દૃઢ મંતવ્ય હતું અને એને અનુરૂપ જ એમનું જીવન હતું. વસ્ત્ર-સુદ્ધાંનો પણ પરિગ્રહ એમણે એ અર્થે જ છોડયો હતો. અને આજપણ એમના મુનિઓ એ જ માર્ગે ચાલી આજના ભોગપ્રધાન જગતને એક નવો જ આદર્શ પૂરો પાડી રહ્યા છે. જો કે આજના વાતાવરણની અસર સહેજ સ્પર્શી હશે; એમ છતાં જગત આખામાં એનો ત્યાગ આજે પણ અદ્ભુત ગણાય છે. ભારતીય પ્રજામાં ત્યાગીઓ પ્રત્યે જે આદરભાવ છે, ત્યાગનું જે આકર્ષણ છે એ મહાવીરાદિ સંતોની ત્યાગદશાએ સિંચેલા સંસ્કારોનું જ પરિણામ છે.

મહાવીરે શીખવેલા પાંચ મહાવ્રતોમાં ત્યાગ–અપરિગ્રહ વ્રત એ જ બધા મહાવ્રતોનો પાયો હોઈ ત્યાગી સંસ્થા ઊભી કરવા પર એમણે ખૂબ ભાર મૂકયો હતો. ત્યાગ એ જૈનધર્મનું પ્રધાન તત્ત્વ છે. પૂર્ણત્યાગ–અપરિગ્રહ એ એનો આદર્શ છે અને એ આદર્શને પહોંચવા માટે જ ક્રમિક પગથિયાં રૂપે એમણે સાધકને **દાન** (દાન કરવું અર્થાત્ સંપત્તિનો બીજાને અર્થે ત્યાગ કરવો) **अतिथि संविभोगव्रत** (તારા અન્નમાં અન્યનો પણ હિસ્સો છે એમ માની એનો ભાગ પાડ અને આંગણે આવેલા અતિથિ-ભિક્ષુને જમાડીને જમ) તથા **भोगोपभोगविरमणव्रत** (દિનભરદિન ભોગ-ઉપભોગના સાધનોની મર્યાદા બાંધો અને તે પણ ઘટાડતા રહો) જેવા આચારો આપ્યા હતા.

ભ. મહાવીરનું દૃઢ મંતવ્ય હતું કે જ્યાં સુધી સમાજમાં આર્થિક અસમાનતા હશે, સુખની સરખી વહેંચણી નહીં હોય ત્યાં સુધી અહિંસાની સાધના ન થઈ શકે. અને એટલા માટે જ એમણે **त्याग** અને **संविभाग** પર ભાર મૂકવા એટલે સુધી કહી નાખ્યું છે કે **'असंविभागी न हि तस्स मोक्खो'** જે વ્યક્તિ પ્રાપ્ત વસ્તુઓનું સમવિભાજન નથી કરતો તે મોક્ષ નથી પામતો (દશ. વૈ. અ. ૯ ઉ. ૨ ગા. ૨૩)

આમ ત્યાગ–અપરિગ્રહ પર જૈન ધર્મે એટલો ભાર મૂકયો છે કે એનું સમગ્ર કથા સાહિત્ય ત્યાગ–અપરિગ્રહ અને સંસાર ત્યાગના ધ્યેયને અનુલક્ષીને જ નિર્માણ થયું છે. કારણકે ત્યાગ સિવાય અહિંસા નથી અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અહિંસા વિના સુખ–શાંતિ નથી. આમ વ્યક્તિ કે વિશ્વના સુખ-શાંતિ અર્થે ત્યાગ-અપરિગ્રહ એ જ એક માત્ર સાચો ઉપાય છે. ઉપનિષદકાર પણ એમ જ કહે છે કે '**त्यक्तेन भुञ्जीथाः**' ત્યાગીને જ સુખ ભોગવ.

પરિગ્રહ એ મૂર્છા-મોહનું કારણ છે, વાસનાનું કારણ છે. એથી જ્યાં સુધી સંસારની વાસના જીવને ચોંટેલી છે ત્યાં સુધી બંધન છૂટતું નથી, ભવભ્રમણ એનું તૂટતું નથી. આ દૃષ્ટિએ સંપૂર્ણ ત્યાગી-અપરિગ્રહી જીવનદશા નિર્માણ થયા વિના નિર્વાણ નથી. આથી જેમ વ્યક્તિગત મોક્ષની દૃષ્ટિએ ત્યાગની જરૂર છે તેમ સમાજના સુખ સંવર્ધન માટે જરૂરી સુખની સરખી વહેંચણી માટે પણ ત્યાગ એ જ એક માત્ર ઉપાય છે આમ સુખશાંતિનો પાયો અહિંસા છે અને અહિંસાનો પાયો અપરિગ્રહ છે.

તપશ્ચર્યા

તપશ્ચર્યા–તપનો અર્થ છે તપવું અને તપીને વિશુદ્ધ બનવું. એ વિશુદ્ધિ માટે આત્માને પવિત્ર બનાવવા માટે મનને સંયમમાં રાખવું પડે અને મનના સંયમ માટે શરીરને કસાયેલું અને ખડતલ બનાવવું જરૂરી થઇ પડે, એથી શરીરને કસવા તથા મનને સંયમમાં રાખવા જે આચારવિચારો કે સાધનાઓ કરવી પડે એને તપશ્ચર્યા કહેવામાં આવે છે. તપશ્ચર્યા એટલે માત્ર ઉપવાસો કરવા એ નથી પણ વીર બનવાની એક સાધના છે. આથી જ ભગવાને કહ્યું છે કે **धम्मेसूरा सो कम्मेसूरा; कम्मेसूरा सो धम्मेसूरा।** જે ધર્મશૂરવીર હોય છે એ જ કર્મશૂરવીર બની શકે છે તેમ જ જે કર્મશૂરવીર હોય છે એ જ ધર્મશૂરવીર બની શકે છે. મતલબમાં કે વીર્ય–પરાક્રમ વિના ધર્મ પ્રાપ્ત થતો નથી. વેદાંત પણ એમ જ કહે છે કે **नायमात्मा बलहीनेन लभ्यः** નિર્બળને આત્મા પ્રાપ્ત થતો નથી.

ગાંધીજીએ આપણને અહિંસા અને રાષ્ટ્રભક્તિના પાઠો તો ખૂબ ભણાવ્યા હતા. પણ રેશનયુગને કારણે આપણે પ્રજાજનો થોડીઘણી ઓછી વસ્તુઓથી ચલાવી ન શકયા. જીવનને ખડતલ બનાવવાનો અને સ્વાદેંદ્રિય પર જય મેળવવાનો અભ્યાસ ન હોઇ આપણે જાણવા છતાં પણ લપસ્યા અને ગબડ્યા–સત્ય અને અહિંસા, સ્વાતંત્ર્ય અને રાષ્ટ્રભક્તિના મંત્રોનું ગૂંજન તો ખૂબ ચાલતું હતું પરંતુ નિર્બળતાનાં કારણે આપણે જાતે જ કાળાં બજારોને ઉત્તેજન આપવા લાગ્યા. અને એ રીતે અસત્ય, ચોરી, જૂઠ, કાવાદાવા ઉપરાંત દેશદ્રોહ આચરતાં પણ ન અચકાયા. દિલમાં એનું દર્દ નહોતું એમ નહીં પણ નિર્બળતાએ આપણને લાચાર બનાવ્યા હતા અને આજે તો એ રોગ હવે એવો કોઠે પડી ગયો છે કે એની ખટક પણ હવે જતી રહી છે અને એથી એમાં એવા ફસાઇ ગયા છીએ કે એ વિષચક્રમાંથી બીજો ગાંધી ઉત્પન્ન થયા સિવાય બહાર નીકળી શકાય તેવું નથી રહ્યું.

કઠોર–સંયમી જીવનની સાધના ન હોવાને કારણે આપણે એક તો મૂળે સુખશીલિયા પ્રકૃતિના હતા જ એમાં વળી પરિસ્થિતિને કારણે ઘડાવાની અપેક્ષા વિશેષ ને વિશેષ નિર્બળ બનતા રહ્યા.

અહિંસાનો પાયો જેમ અપરિગ્રહ છે તેમ અપરિગ્રહ-વાસનાત્યાગનો પાયો તપશ્ચર્યા છે. તપશ્ચર્યા એટલે ખડતલ જીવનની સાધના, શરીર અને મનને કસવાની સાધના, વાસનાઓ પર વિજય મેળવવાની સાધના. અર્થાત્ આપત્તિઓને હસતે મુખે સહન કરવાની સાધના. આ માટે ભ. મહાવીરે ખૂબ દીર્ઘદૃષ્ટિ વાપરીને પહેલીજ સાધકને વીર્યવાન બનાવવા માટે તપશ્ચર્યા પર ખૂબ ભાર મૂકયો છે. એટલુંજ નહીં એમણે પોતે પણ અનેક કઠિન તપશ્ચર્યાઓ સાધી હતી અને એ માટે પ્રબળ પુરૂષાર્થ કર્યો હતો. આમ તપશ્ચર્યા એટલે કેવળ ઉપવાસ જ નહીં પણ સ્વાદજય, ખડતલતા, ઓછી વસ્તુઓથી ચલાવવા જેટલી વીરતા, આપત્તિઓ સહન કરવાની શક્તિ, ધૈર્ય, મનોનિગ્રહ અને પ્રબળ પુરુષાર્થ એ છે.

ભગવાન બુદ્ધ તપના માર્ગેથી પાછા ફર્યા હતા પણ વીર્યવાન મહાવીરે તો અતુલ પરાક્રમ દાખવી એ માર્ગેજ યશ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. જેથી ભગવાન બુદ્ધે પણ એમને દીર્ઘતપસ્વી કહી બિરદાવ્યા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છતાં મહાવીરની તપશ્ચર્યા કેવળ ઉપવાસાદિક અન્ન ત્યાગમાં કે શારીરિક ખડતલતા કેળવવામાંજ સમાપ્ત થતી નથી પણ સમગ્ર જીવનને ઘડનારી એક સાધના બને છે. જોકે ઉપવાસાદિક વ્રતોને એમાં સ્થાન છે પણ એ કેવળ સાધનરૂપે છે. સાધ્ય તો વીર્યોલ્લાસ અને પ્રબળ પરાક્રમયુક્ત મનઃશુદ્ધિ અને આત્મશુદ્ધિની પ્રાપ્તિ જ છે.

ગીતા કહે છે કે—

विषया: विनिवर्तन्ते निराहारस्य देहिनः ।
रसवर्जं रसोऽप्यस्य परं दृष्ट्वा निवर्तते ॥

નિરાહારથી ઇન્દ્રિયોના વિષયો મોળા પડે છે પણ વિષયોનો રસ તો ઇશ્વર દર્શનથીજ નષ્ટ થાય.

ઉપવાસાદિક વ્રતોનું મહત્ત્વ આ કારણે જ છે. કારણકે આત્મ પ્રાપ્તિના માર્ગમાં મનની એકાગ્રતા મહત્ત્વની છે. પણ મનને બળવાન ઇન્દ્રિયો બીજી તરફ ખેંચી જાય છે. એ ઇંદ્રિયો અન્નથી પુષ્ટ થાય છે. માટે ઇન્દ્રિયોના વેગને રોકવા યા મોળો પાડવા નિરાહારીપણું આવશ્યક છે. એટલે પ્રથમ ભૂમિકા સિદ્ધ થયા પછીજ આત્મા પ્રગટાવવાની સાધના બળ મેળવી શકે છે. આ માટે મહાવીર તપને બે ભાગમાં વહેંચી નાખે છે. એક છે બાહ્યતપ–સાધનાતપ અને બીજું છે અભ્યંતર-તપ–સાધ્યતપ.

બાહ્યતપ ૬ પ્રકારે છે :

(૧) અનશન : અન્ન માત્રનો ત્યાગ કરવો તે. જેમકે ઉપવાસાદિક વ્રતો તેમજ દેહ ભારરૂપ લાગે તો જીવનપર્યંતનો અન્નત્યાગ કરી મરણને ભેટવું તે.

(૨) ઉણોદરી : રોજના ખોરાક કરતાં ઓછું લેવું તે. પેટ ભરવાની જઠર લાલસા ઓછી કરવી તે.

(૩) વૃત્તિ સંક્ષેપ : જરૂરિયાતો ઘટાડતા જવી તે. ઓછી વસ્તુથી ચલાવી લેવાનો અભ્યાસ પાડવો તે.

(૪) રસત્યાગ : ઘી, તેલ, દૂધ, દહીં, ખાંડ, ગોળ વિ. ષટરસ ભોજનનો ત્યાગ કરી સૂકા ભોજનથી ચલાવવું તે. જેમકે 'આયંબિલવ્રત' 'નીવી' વગેરે. અર્થાત્ જીહ્વા ઇન્દ્રિયનો સંયમ.

(૫) કાયકલેશ : શારીરિક કષ્ટ સહન કરવાની ટેવ પાડવી તે. શરીરને ખડતલ બનાવવું તે.

(૬) સંલીનતા : ઇન્દ્રિયોને-વશમાં સંયમમાં રાખવી તે.

અભ્યંતર તપ પણ ૬ પ્રકારે કહેવામાં આવ્યું છે.

(૧) પ્રાયશ્ચિત : જન્મ જન્માંતરમાં કરેલી ભૂલોનો પસ્તાવો. ફરી એવી ભૂલ નહીં કરવાનો નિશ્ચય અને શુદ્ધિ માટે સતત આત્મવિચારણા કરવા ઉપરાંત દેહ અને મનને એનો દંડ દેવા ચોક્કસ બાબતમાં કરવો પડતો કઠિન ત્યાગ.

(૨) વિનય : ગુરુજનો, વડિલો, વિદ્યામૂર્તિઓ કે સમાજ સેવકો પ્રત્યે માન બુદ્ધિ, ભક્તિ અને તેનાં ફળ સ્વરૂપે ઉપજતી નમ્રતાભરી આદરતા.

(૩) સેવા : સેવા ધર્મ વિષે ભાષ્ય લખવાની જરૂર શું હોઇ શકે ? એ તો આજનો યુગધર્મ છે. સેવાનું ક્ષેત્ર અપરિમિત છે. શરત એટલી કે સેવા નિષ્કામ-ભાવે–વાત્સલ્યપૂર્વક થવી જોઇએ.

સેવા એટલે બીજાઓને માટે ઘસાવાની અને એમને ઉપર ઊઠાવવાની વૃત્તિ; કુટુંબ, વતન, સમાજ સંપ્રદાય, રાષ્ટ્ર અને વિશ્વ એ સેવાના ઉત્તરોત્તર વિકસતા ક્ષેત્રો છે.

(૪) સ્વાધ્યાય: આંતરાવલોકન અને આત્મ જાગૃતિ.

(૫) ધ્યાન : મનઃશુદ્ધિ માટે એકાદ પવિત્ર વિચાર કે વસ્તુ ઉપર મનને એકાગ્ર કરી વૃત્તિઓનો સંયમ કરવો તે. સતત શુભવિચારણા નિર્વિકલ્પ દશા એ એનું અંતિમ રૂપ છે.

(૬) ત્યાગ : 'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના' એટલે તીવ્ર વૈરાગ્ય ભાવનાની કેળવણી, આત્મપ્રાપ્તિની વ્યાકૂળતા અને તેથી લાલસા માત્રનો ત્યાગ.

બાહ્ય તપ જરૂરિયાતોને ઘટાડતા રહી જીવનને કઠોર બનાવવાની અને ઇન્દ્રિયોને સંયમમાં રાખવાની સાધના છે; જ્યારે આંતર તપ જીવનને પરમવિશુદ્ધ બનાવવાની અને આંતર સામર્થ્યને પ્રગટાવવાની સાધના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભગવાન બુધ્ધે પોતાના અનુભવોના આધારે લાંબા ઉપવાસોને અજ્ઞાનકષ્ટ કહ્યું છે; જ્યારે મહાત્મા ગાંધીજીએ પોતાના અનુભવોથી જણાવ્યું છે કે ઉપવાસોથી દેહાધ્યાસ મોળો પડે છે અને પછી જો સાધક જાગૃત રહે છે તો ઝડપથી મન:શુદ્ધિ–આત્મશુદ્ધિ કરી શકે છે. બુદ્ધનો આક્ષેપ કેવળ શક્તિ ઉપરવટના ઉપવાસો અંગે છે કે જેથી સાધક મનનો સુયોગ ખોઇ બેસે છે. પણ જ્યાં મનનો સુયોગ રહે છે ત્યાં સાધક શુદ્ધ બની પરમશાતિ મેળવી શકે છે. લાંબા ઉપવાસો અને ઘોર કષ્ટ ઊઠાવવા છતાં મનનો સુયોગ નહી હોવાને કારણે ભ. મહાવીરે તામલીતાપસના ઘોરતપને આથી જ અજ્ઞાનકષ્ટ કહ્યું હતું.

બૌદ્ધ ધર્મના આ સંસ્કારોને કારણે શ્રી ધર્માનંદ કૌશાંબીજી તપશ્ચયા પર કડક પ્રહારો કરતા. છતાં અંતકાળે એમણે જૈનધર્મમાં સૂચવેલા અનશન વ્રતથી જ ચિત્ત શાંતિ પ્રાપ્ત કરી હતી. અને એ માર્ગેજ પોતાનો જીવન-દીપ બૂઝવી નાખ્યો હતો. પહેલીવાર જો કે પૂ. ગાંધીજીએ એમને એ અનશનવ્રતમાંથી પાછા વાળ્યા હતા પણ બીજીવાર ગાંધીજીના આશીર્વાદ મેળવીને એમણે એ અનશન દ્વારા શાંતિ મેળવી હતી.

આમ તપશ્ચર્યાનો મહિમા ઓછો નથી. 'અહિંસા સંયમો તવો' અહિંસા–સંયમ અને તપની ત્રિપુટીને મોક્ષનું દ્વાર કહેવામાં આવ્યું છે. તપનું જૈન પરંપરામાં આજે પણ ભારે મહત્ત્વ રહ્યું છે. એકી સાથે ૮–૧૬ કે ૩૦ તેમજ તેથી પણ અધિક ઉપવાસ કરનારાઓનો આજે પણ તોટો નથી; જે તરફ અન્ય સમાજો પણ આકર્ષાયા વિના રહી શકતા નથી.

જેમ ક્ષત્રિયાણી સમરાંગણમાંથી પાછા ફરતા પુત્રને નમાલો કહી એને શૌર્ય ચડાવતી તેમ જૈનમાતા પણ પોતાના પુત્રને વ્રત–જપ નહી કરવા માટે નમાલો કહી વીર્યવાન બનવાની આજે પણ પ્રેરણા આપ્યા કરે છે.

છતાં ઉપવાસની તપશ્ચર્યા પૂરતી નથી. આજના યુગ માટે તો વૃત્તિસંક્ષેપ અન કાયક્લેશની તપશ્ચર્યા ખાસ જરૂરની છે. એ વ્રતોથી જો આપણે કઠોરતા, સ્વાદજય, ઓછાથી ચલાવી લેવા જેટલી વીરતા, સહનશક્તિ અને ખડતલતા કેળવી હોત તો વ્રીતિ વિષયક બાબતોમાં આપણું-પ્રજા સમૂહોનું જે પતન થઇ રહ્યું છે એમાંથી આપણે ઊગરી ગયા હોત. ને એ રીતે ધર્મનું–ચારિત્ર્યનું પાલન પણ સારી રીતે કરતા રહ્યા હોત. આમ અહિંસાનો પાયો અપરિગ્રહ છે અને અપરિગ્રહનો પાયો જીવન ઘડતરની કઠોર સાધનારૂપ–તપશ્ચર્યા છે.[1]

---

1 'જૈનધર્મ અને સંઘ' અપ્રગટ પુસ્તકમાંથી.

મહાન સિકંદર જ્યારે વિશ્વવિજય માટે નીકળ્યો, ત્યારે પામેનિયોએ એની મહત્ત્વાકાંક્ષા સમક્ષ એક મોટી મુંઝવણ પેદા કરી દીધી. પામેનિયાએ સિકંદરને પૂછ્યું : 'ઈરાન જીત્યા પછી તમે શું કરશો ?' સિકંદરે જવાબ આપ્યો : 'પછી હું હિંદુસ્તાન જીતીશ.'

'હિંદુસ્તાન જીત્યા પછી શું કરશો ?' 'હું સિથિયા પર કબજો મેળવીશ.'

'અને સિથિયા પર કબજો મેળવ્યા પછી ?' 'શાંતિથી બેસી આરામ કરીશ.'

પામેનિયાએ ખડખડાટ હસતાં કહ્યું : "તો પછી આ બધી તકલીફ ઉઠાવવાનો અર્થ શો ? અત્યારથી જ આરામ કેમ નથી કરતા !"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

યોગશાસ્ત્ર અને એનું સ્વોપજ્ઞ વિવરણ

[સમીક્ષાત્મક સંસ્કરણ સંબંધી સૂચનો]

મૂળમાંનાં અન્યકર્તૃક પદ્યોની નોંધ, પાઠાંતરોની યોજના, અવતરણોનાં મૂળના નિર્દેશ, સામ્ય અંગે વિચારણા, મૂળ, આન્તર શ્લોકો અને વિવરણગત પદ્યો તેમ જ ટિપ્પણો માટે બીબાંઓની પસંદગી, વિવિધ પરિશિષ્ટો, વિસ્તૃત વિષય સૂચી, ઉપોદ્ઘાત, આમુખ, મૂળનો અનુવાદ અને આલેખનો]

લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

જૈન સાહિત્યના બે વિભાગ પાડી શકાય : (૧) આગમિક અને (૨) અનાગમિક. આગમિક સાહિત્ય એટલે આગમો અને મુખ્યત્વે કરીને એનાં વિવરણો—આગમો તરીકે ઓળખાવાતા તમામ ગ્રન્થો એકસરખા પ્રાચીન નથી તેમ જ કોઇ કોઈ તો એ પૂર્વેના ગ્રન્થના જ નામથી ઓળખાવાતા ગ્રન્થો છે. તેમ છતાં સામાન્ય રીતે આગમો એ જૈનોનાં-શ્વેતાંબરોનાં ધર્મશાસ્ત્રો છે. એનું મહત્ત્વ સ્વત : તેમ જ પરત : એમ ઉભય સ્વરૂપે છે અર્થાત્ એનું પોતાનું મહત્ત્વ છે અને સાથે સાથે બંને ઉપરનાં વિશિષ્ટ વિવરણો વડે એના મહત્ત્વનાં વૃદ્ધિ થયેલી છે. આમ હોઈ આગમોના અને એનાં ગૌરવાંકિત વિવરણોના સમીક્ષાત્મક સંસ્કરણો (critical editions) માટે પુષ્કળ આગ્રહ રખાય અને પ્રયાસ કરાય તેમાં કંઈ ખોટું નથી. પરંતુ અનાગમિક સાહિત્યમાંના કેટલાક ગ્રન્થો તો ઘણી ઊંચી કક્ષાના છે એટલે એ માટે પણ સમીક્ષાત્મક સંસ્કરણો આવશ્યક છે એ વાત ભુલાવી ન જોઇએ. પ્રસ્તુતમાં હું ' કલિકાલસર્વજ્ઞ ' હેમચન્દ્રસૂરિકૃત **યોગશાસ્ત્ર** અને વિશેષત : એના સ્વોપજ્ઞ વિવરણના સંસ્કરણને ઉદ્દેશીને મારા નમ્ર વિચારો જૈન જગત્ સમક્ષ રજૂ કરું છું.

યોગશાસ્ત્ર અને એનું સ્વોપજ્ઞ વિવરણ એ બંને આ પૂર્વે છપાયાં છે ખરાં પરંતુ તે અદ્યતન પદ્ધતિ પ્રમાણેનાં નથી. વળી એ બંનેના પ્રકાશિત ગુજરાતી અનુવાદો માટે પણ લગભગ એ જ સ્થિતિ છે.

યોગશાસ્ત્રમાં મનુસ્મૃતિમાંથી કેટલાક શ્લોકો ગૂંથી લેવાયા છે. એવું અન્ય કોઈ કોઈ ગ્રન્થ માટે જો બન્યું હોય તો તેની પણ તે તે સ્થળે નોંધ લેવાવી જોઈએ.

યોગશાસ્ત્ર અને એનાં સ્વોપજ્ઞ વિવરણોની જે તાડપત્રીય પ્રતિઓ ઉપલબ્ધ હોય તેના આધારે પાઠાંતરો તૈયાર કરાવાં જોઇએ. અને સંપાદનકળાના નિષ્ણાંતાને માન્ય થઈ પડે એ રીતે પાઠાંતરોની વ્યવસ્થા થવી ઘટે એટલે કે મૂળમાં કયો પાઠ રાખવો અને કોને ટિપ્પણમાં સ્થાન આપવું તેની યોગ્ય વ્યવસ્થા કરાવી જોઈએ.

સ્વોપજ્ઞ વિવરણમાં જે જે અવતરણો (quotations) હોય તેનાં મૂળ ચાલુ લખાણમાં દર્શાવાય તો તે ઉત્તમ માર્ગ છે. કોઈ કારણસર તેમ ન જ બને તો અંતમાં અવતરણોની સૂચી જે પરિશિષ્ટ તરીકે અપાય તેમાં તો તેનો નિર્દેશ થવો જ ઘટે.

આ **યોગશાસ્ત્ર** અને શુભચન્દ્રાચાર્યકૃત **જ્ઞાનાર્ણવ**માં કેટલેક સ્થળે તો અર્થ સામ્ય ઉપરાંત શબ્દ સામ્ય પણ જોવાય છે. આથી **યોગશાસ્ત્ર**ના સંપાદનમાં ટિપ્પણી રૂપે **જ્ઞાનાર્ણવ**નાં પદ્યો સન્તુલનાર્થે રજૂ કરાવાં જોઈએ કે જેથી ઉપોદ્ઘાતમાં એની સમુચિત વિચારણા થઈ શકે.

સ્વોપજ્ઞ વિવરણમાં આન્તર શ્લોકો છે. મૂળ તો સર્વાંશે પદ્યાત્મક છે તો મૂળનાં પદ્યો સૌથી મોટાં બીબામાં, સ્વોપજ્ઞ વિવરણગત આ આન્તર શ્લોકો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એથી નાનાં બીબામાં અને અવશિષ્ટ વિવરણ એથી પણ નાનાં બીબામાં અને ટિપ્પણરૂપ લખાણ સૌથી નાનાં બીબાંમાં છપાવવું ઘટે. આમ આના સમીક્ષાત્મક સંસ્કરણ માટે જાત જાતનાં બીબાં વાપરવાં પડે તેમ છે એટલે તે માટે બીબાંઓની સમુચિત પસંદગી કરવી ઘટે.

પરિશિષ્ટો તરીકે મૂળના, આન્તર શ્લોકોના અને અવતરણોના અકારાદિ ક્રમે પ્રતીકો ભિન્ન ભિન્ન પરિશિષ્ટો તરીકે અપાવાં જોઇએ. વિશિષ્ટ નામોની તેમજ પારિભાષિક શબ્દોની એકેક સૂચી પણ પરિશિષ્ટરૂપે રજૂ થવી જોઇએ. આ ઉપરાંત ગ્રન્થના મહત્ત્વને લક્ષ્યમાં રાખી જે કોઈ અન્ય પરિશિષ્ટ આપવું જરૂરી જણાય તેને પણ આ સંસ્કરણમાં સ્થાન છે.

મૂળ અને વિવરણ બંનેને અંગે વિસ્તૃત વિષયસૂચી ભેગી પણ મોટાં અને સહેજ નાનાં બીબાંમાં અપાવી ઘટે.

ઉપોદ્‌ઘાત એ ગ્રન્થના મુગટ સમાન ગણાય છે. વાસ્તે એ વિદ્વાનોને સંતોષે તેવો લખાવો જોઇએ. પ્રસ્તુતમાં કલિકાલ સર્વજ્ઞનો જીવન વૃત્તાન્ત વિશ્વસનીય સાધનોના આધારે અને એના નિર્દેશપૂર્વક રજૂ થવો ઘટે. આ દિશામાં અત્યાર સુધીમાં જે પ્રયાસો થયા છે તેનો પૂરતો લાભ લેવાવો જોઇએ. હેમચન્દ્રસૂરિના સમગ્ર કૃતિકલાપનો સંક્ષિપ્ત પરિચય અને યોગશાસ્ત્ર અને એના સ્વોપજ્ઞ વિવરણનો બાહ્ય તેમજ અભ્યંતર એમ ઉભય સ્વરૂપે પૂરેપૂરો પરિચય અપાવો જોઇએ. ઉપોદ્‌ઘાત સંસ્કૃત, હિન્દી કે ગુજરાતીમાંથી ગમે તે એકમાં અને સાથે સાથે અંગ્રેજીમાં પણ લખાવો જોઇએ. મૂળની એના સંસ્કૃત વિવરણ સહિતની આવૃત્તિમાં વિષયસૂચી સંસ્કૃતમાં લખાવી જોઇએ જેથી એ મૂળ અને વિવરણનો લાભ લેનારને સુગમતા રહે.

સમગ્ર સંસ્કરણની મહત્તાને અનુરૂપ આમુખ, અગ્રવચન, પુરોવચન કે એવા નામે ઓળખાવાતું લખાણ કોઈ સહૃદય સાક્ષર પાસે તૈયાર કરાવવું જોઇએ.

આ સંસ્કરણમાં અંતમાં મૂળના શ્લોકોનો હિન્દીમાં અનુવાદ અપાય તો સુવર્ણ અને સુગંધના સુભગ સંયોગની એ ગરજ સારશે. ગુજરાતીમાં અનુવાદો થયેલા છે એટલે હવે તો હિન્દી કે અંગ્રેજીની જ આવશ્યકતા રહે છે. વિદ્વાન ઈ. વિન્ડિશે (Windisch) તો યોગશાસ્ત્રના આદ્ય ચાર પ્રકારોનો કરેલો જર્મન અનુવાદ તો વર્ષો પૂર્વે છપાયો છે.

હેમચન્દ્રાચાર્યના આ સ્વોપજ્ઞ વિવરણપૂર્વના યોગશાસ્ત્ર પરત્વે જે જે આક્ષેપાત્મક જણાતાં લખાણો અત્યાર સુધીમાં થયાં છે તેની તટસ્થપણે આલોચના કરવાનું ભુલાવું ન જોઈએ કેમકે એ પણ ઉપોદ્‌ઘાતનું એક મહત્ત્વનું અંગ છે. સંદર્ભગ્રંથોની સૂચી તો અપાય જ એટલે એ વિષે કંઈ કહેવાનું હોય નહિ.

યોગશાસ્ત્રમાં આસનો અને મન્ત્રો વિષે નિરૂપણ છે તો એ બાબત બરાબર સમજાય તે માટે યોગ્ય ચિત્રાદિથી એના સંસ્કરણને સમૃદ્ધ કરવું ઘટે.

શ્રી હેમસાગરસૂરિજીએ મૂળ અને એના સ્વોપજ્ઞ વિવરણ એ બંનેનો ગુજરાતીમાં અનુવાદ કર્યો છે અને એ મૂળ સહિત પરંતુ સ્વોપજ્ઞ વિવરણ વિના છપાવાશે એમ જાણવા મળતાં મેં આ આચાર્યશ્રીને તેમ જ એને લગતી પ્રકાશન સંસ્થાના એક અગ્રગણ્ય સંચાલક મહાશયને મારા વિચારો લખી જણાવ્યા. ત્યાર બાદ મૂળ સ્વોપજ્ઞ વિવરણપૂર્વક પ્રકાશિત કરવા ઇચ્છતી એક અન્ય સંસ્થાના મંત્રીશ્રીએ આ સંબંધમાં મારા સૂચનો મંગાવ્યાં છે. આથી હું આ લેખ લખવા પ્રેરાયો છું; આશા છે કે આ મહાભારત કાર્ય સર્વાંગે પરિપૂર્ણ બને એ માટે તજજ્ઞો પોતાના વિચારો જાહેરમાં દર્શાવવા કૃપા કરશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રેમનું પરિબળ

લે. મનસુખલાલ તારાચંદ મહેતા

ઘણાં વર્ષો અગાઉની આ વાત છે.

એ સમયે ચૈત્યવાસીઓ સાધુ-મુનિનાં કપડાં પહેરતા, દેરાસરમાં રહેતા, દ્રવ્ય રાખતા અને મુનિજીવનના વ્રતથી નિરપેક્ષ રહેતા. મુનિ સંપૂર્ણાનંદ પણ આવા એક સાધુ હતા અને વારાણસી નગરીના એક જૈન મંદિરમાં ચોમાસું રહ્યા હતા.

સંપૂર્ણાનંદ યુવાન અને ભારે તેજસ્વી હતા તેમજ જ્ઞાન અને બ્રહ્મચર્યના તેજથી દીપતા હતા. શહેરના અનેક સ્ત્રી પુરુષો તેમની પાસે આવતા. વારાણસીના રાજાના વયોવૃદ્ધ પ્રધાનમંત્રી સુબાહુ પણ આ મુનિને વાંદવા અવાર-નવાર આવતા.

વૃક્ષ પરનાં પાકાં ફળો પર પંખીઓની નજર અવશ્ય પડે છે, તેમ સંપૂર્ણાનંદ પર શહેરની એક રાજનર્તકીની નજર પડી. બપોરના સમયે ધર્માલાપ કરવાના બહાને તે સાધુ પાસે આવવા લાગી. પછી તો બંને વચ્ચેનો પરિચય વધ્યો. મંત્રી સુબાહુના કાને પણ આ વાત આવી.

એક દિવસ મધ્યાહ્ન કાળે મંદિરના પાછળના ઓરડામાં નર્તકી, મુનિ સાથે ચર્ચા કરી રહી હતી. આસપાસ બીજું કોઈ ન હતું. આ વખતે ચર્ચામાંથી એક બીજા વચ્ચે ઠઠ્ઠામશ્કરી શરૂ થયાં. બરોબર એ જ વખતે વયોવૃદ્ધ મંત્રી મુનિને વાંદવા અર્થે આવી ઊભા રહ્યા.

સ્ત્રીને અનેક સ્વરૂપો હોય છે અને આવશ્યકતાનુસાર પ્રસંગને અનુરૂપ સ્વરૂપ અભિવ્યક્ત કરવાની કળા પણ તેને હસ્તગત હોય છે. મંત્રીને એકાએક ત્યાં આવેલા જોઈ નર્તકીએ ભારે કુશળતાથી પોતાના મનોભાવ છુપાવી, બનાવટી ભાવો પ્રગટ કરીને અષ્ટાંગ યોગ-સાધનાના યમ-નિયમોની ચર્ચા શરૂ કરી દીધી. સંપૂર્ણાનંદમાં આ રીતે મનોભાવને છુપાવવાની કળા ન હતી, એટલે મંત્રીને જોઇને તે તો સ્તબ્ધ જ થઈ ગયો. સ્ત્રીના મોંના ભાવો જેમ કદી તેના અંતરના ભાવોની ચાડી ખાતા નથી તેમ પુરુષના મોંના ભાવો તેના મનના છૂપા ભાવોની ચાડી ખાધા વિના રહી શકતા નથી. તેથી જ પુરુષને રીઢા ગુનેગાર થતાં ઘણો લાંબો સમય લાગે છે. નર્તકી પછી તો ત્યાંથી તરત ચાલી ગઇ.

હૃદયમાં દુઃખ ભર્યું હોવા છતાં હોઠ પર સ્મિત લાવવું એ જેટલું કઠિન છે, તેનાથી અધિક કઠિન કાર્ય જેને આપણે પૂજ્ય માનતા હોઇએ તેના દોષને નજરે જોયા છતાં, જાણે કાંઇ જોયું જ નથી એ રીતે વર્તવામાં છે. મંત્રી આ કળામાં નિપુણ હતા. બધું જ સમજી ગયા હોવા છતાં, તે કાંઈ જ સમજ્યા નથી એવો સફળતાપૂર્વક દેખાવ કરી, મુનિને ભાવપૂર્વક ખમાસમણ દીધાં અને બે હાથ જોડી 'સ્વામી શાતા છે જી?' કહી પાછા જવાની રજા માગી.

મુનિરાજે શૂન્યમનસ્કથી માથું ધુણાવ્યું, પણ મંત્રી સામે જોવાની હિંમત ન ચાલી. પાપમાં પણ અદ્ભુત શક્તિ રહેલી છે અને જે પ્રકારે અગ્નિ અગ્નિનું શમન કરી શકતો નથી, તેજ પ્રકારે પાપ પણ પાપનું શમન કરી શકતું નથી. મંત્રીની વંદનાની ક્રિયા જોઈ મુનિના મનમાં વિવેક જાગૃત થયો અને નર્તકી સાથેની બેહૂદી વાત અને વર્તન મંત્રીએ નજરોનજર જોયાં તે માટે શરમ, ભય અને ક્ષોભ અનુભવ્યાં. મંત્રી તો જોયેલું જાણે કશું જ જોયું નથી, અને સાંભળેલું જાણે કશું જ સાંભળ્યું નથી, એવો વર્તાવ રાખી નીકળ્યા, પણ મુનિને ભય લાગ્યો કે મંદિરમાંથી તેને કાઢી મૂકવામાં આવશે, અગર તો યતિવેશ ખેંચી લેવામાં આવશે.

મંત્રી ભોટ ન હતા પણ ભારે જ્ઞાની અને અનુભવી હતા. તે સમજતા હતા કે અન્ય પર ગુસ્સે થવું એ તો અન્યની ભૂલ માટે પોતાની જાત પર વેર લેવા બરોબર છે. કોઈ ખોટા માર્ગે જઇ રહ્યું હોય અને તેને સીધા રસ્તે લાવવો હોય તો તેની પર ક્રોધ કરીને અગર ઠપકો આપીને તેમ નથી કરી શકાતું. તે ખોટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રસ્તે જનાર સાથે પ્રેમ કેળવવો પડે છે અને પ્રેમ કરનારને અન્યના અન્યાય, અને અણઘડ ઉપાલંભને સહન કરવાની શક્તિ પણ કેળવવી પડે છે. 'અનિષ્ટનો પ્રતિકાર ન કરો પણ તેને સાચા માર્ગે લાવવામાં મદદ કરો' એ તેનો સિદ્ધાંન્ત હતો.

આ વાત બન્યાને પાંચ-સાત દિવસો થયા, છતાં કોઈ ઊહાપોહ, નિંદા કે ઠપકાની વાત મુનિ પાસે આવી નહિ. માનવસ્વભાવ કેટલીક બાબતમાં એવો વિચિત્ર છે કે તે ઝેર પચાવી જાય, પણ અન્યના દોષોને ગળી જવાનું તેના માટે શક્ય હોતું નથી. અન્યના દોષો જોવા, તેની નિંદા કરવી, અતિશયોક્તિ કરી નાના દોષોને મોટા સ્વરૂપમાં વર્ણવી બતાવવા, ન હોય તેવા દોષોનું અન્યમાં આરોપણ કરવું વગેરે બાબતમાં માનવજાતનો મોટો ભાગ ભારે કાબેલ અને હોંશિયાર હોય છે. પરંતુ આવી પદ્ધતિના કારણે દોષયુક્ત વ્યક્તિ કે દોષ જોનાર વ્યક્તિને કશો ફાયદો થતો નથી. જે મનુષ્ય કેવળ દોષ જુએ છે તે નીચ છે. જે ગુણ અને દોષ બંને જુએ છે તે મધ્યમ છે અને જે કેવલ ગુણ જુએ છે તે ઉત્તમ છે. કુટુમ્બ, સમાજ અને જીવનના વિવિધ ક્ષેત્રે જ્યાં જ્યાં દોષો અને સ્ખલનાઓના કિસ્સાઓ જોવામાં આવે, ત્યાં ત્યાં ધિક્કાર અને તિરસ્કારની દૃષ્ટિના બદલે દયા અને અનુકંપાની દૃષ્ટિ અપનાવવામાં આવે તો સંસારનાં મોટા ભાગનાં દુઃખોનો અંત આવી જાય. પરંતુ માનવસ્વભાવ એવો તો અવળચંડો છે કે સુખ પ્રાપ્ત કરવાની ઇચ્છા હોવા છતાં, મોટા ભાગના માનવી દુઃખ ઉત્પન્ન થાય એ રીતે જ જીવનવ્યવહારમાં વર્તે છે. ઝેરને પચાવવાની શક્તિ પ્રાપ્ત કર્યા વિના અમૃતરસનો સ્વાદ માણી શકાતો નથી, એ સરળ વાત અનેક યુગો પસાર થવા છતાં માનવજાત હજુ સમજી શકી નથી.

મુનિરાજના દોષિત વર્તન બાબતમાં મંત્રીએ જ્યારે કોઈને કશી વાત ન કરી, તેમજ કોઇ પ્રકારનું પગલું પણ ન લીધું, ત્યારે મુનિરાજના મનમાં પોતાના પાપ-કૃત્ય માટે પસ્તાવાનો પાર ન રહ્યો. પ્રકૃતિનો એક નિયમ છે કે, કોઇ પણ માનવી દુષ્ટકર્મ કરે અગર પાપમય વિચાર કરે, તોપણ તેનું ફળ તેને વહેલે-મોડે મળ્યા વિના રહેતું નથી. પાપ પાછળ પશ્ચાત્તાપ આવે એવો કુદરતનો અવિચળ નિયમ છે. કોઈ લોકો આને કુદરતનો કાયદો કહે, કોઇ કર્મનો વિપાક કહે, કોઇ ઈશ્વરનો ન્યાય કહે અને કોઇ પ્રકૃતિનો નિયમ કહે પણ આ બધાંનો તાત્ત્વિક અર્થ એકસરખો છે. માણસ કદાચ સકળ જગતને છેતરવાની કળામાં પારંગત થઇ શકે, પણ તે પોતાના કર્મફળમાંથી બચી શકવાની શક્તિ પ્રાપ્ત કરી શકતો નથી, પછી ભલેને એ વ્યક્તિ ચક્રવર્તી હોય કે તીર્થંકર હોય.

ચોમાસું પૂર્ણ થતાં ચૈત્યવાસી મુનિએ વિહાર કર્યો. મંત્રી દૂર સુધી તેને વળાવવા ગયા. સુબાહુએ છૂટા પડતી વખતે નહિ સમજાતા એવા એક શ્લોકનો અર્થ સમજાવવા મુનિરાજને વિનંતી કરી. તે શ્લોક આમ હતો:

'संसारोदधिनिस्तारपदवी न दवीयसी ।
अन्तरा दुस्तरा न स्युर्यदि रे मदिरेक्षणाः ॥'

મુનિ સંપૂર્ણાનંદે મંત્રીને શ્લોકનો અર્થ સમજાવતાં કહ્યું : 'સંસારસમુદ્રમાં દુસ્તર એવી મદિરેક્ષણાઓ અર્થાત્ સ્ત્રીઓ ન હોય તો તેને તરવાનો માર્ગ કાંઇ દૂર નથી.'

આ શ્લોકનો અર્થ પૂછવા પાછળ મંત્રીનો આશય મુનિરાજથી છૂપો ન રહ્યો. કાણાને મોંએ કાણો કહ્યા સિવાય મંત્રી સુબાહુએ સાધુમાં ક્યાં કાણું હતું, તે આ શ્લોક દ્વારા આડકતરી રીતે સમજાવી દીધું હતું.

(૨)

આ વાત બની ગયા બાદ લગભગ દશેક વર્ષ પછી સુબાહુ મંત્રી એક વખત ગિરનારજીની યાત્રાએ ગયા. મધ્યાહ્નનો સમય હતો. મંત્રી ગિરનાર પરથી ડોળીમાં બેસી તળેટીમાં આવી રહ્યા હતા. માળીની પરબની જગ્યાએ મંત્રી વિસામો લેવા બેઠા હતા, એવામાં નીચેથી ઉપર જતા એક મુનિરાજ ત્યાં આવ્યા. મુનિ-રાજનું શરીર આમ તો હાડપિંજર જેવું હતું, પણ તેના મોં પર તપ અને ત્યાગનું દિવ્ય તેજ ચમકી રહ્યું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હતું. મુનિરાજને જોતાં જ મંત્રીને થયું કે આ કોઈ પરિચિત સાધુ લાગે છે, પણ અગાઉ તેમને કયાં અને કયારે જોયેલા એ યાદ ન આવ્યું. મુનિરાજને વંદન કરી મંત્રીએ પૂછ્યું : 'ભગવંત! આપનાં દર્શન આ અગાઉ કર્યાં છે, પણ કયાં અને કયારે તેનું વિસ્મરણ થઈ ગયું છે. આપના ગુરુ અને આપનું નામ આપશો તો તરત ખ્યાલ આવી જશે.'

સુબાહુની વાત સાંભળી આછું સ્મિત કરી મુનિરાજે કહ્યું : 'મહાનુભાવ! લગભગ દશ વર્ષ પહેલાં યતિધર્મની દીક્ષામાં હું આપના શહેરમાં ચોમાસું રહેલો અને એક પ્રસંગે આપ મને વંદન કરવા આવેલા, ત્યારે મારી જાતને લાંછન લાગે તેવી ક્રિયામાં હું મગ્ન થઈ બેઠો હતો. મારું દુષ્કૃત આપે નજરો નજર જોયું, પણ તે સંબંધમાં યોગ્ય શિક્ષા કરવાને બદલે આપે મારા પ્રત્યે અપાર પ્રેમ અને અપૂર્વ ભક્તિ દાખવ્યાં. તેથી મારી શિથિલતાનો મને ભારે પશ્ચાત્તાપ થયો અને યતિધર્મની દીક્ષા છોડી મેં પંચમહાવ્રતનો સાધુધર્મ અંગીકાર કર્યો. તમારા પ્રેમ અને ભક્તિએ મને પતનના માર્ગે જતાં અટકાવ્યો, એટલે ભાવદષ્ટિએ તો તમે જ મારા ગુરુ છો.'

મંત્રીને દશ વર્ષ પહેલાંનો આ મુનિરાજ અંગેનો પ્રસંગ યાદ આવ્યો અને કહ્યું : 'દુનિયામાં માણસ એકવાર ગુનો કરવાથી કાંઈ હંમેશને માટે શાપિત બની જતો નથી. આ જગતમાં તો ચોરી કરતાં પકડાય એ ચોર અને ચાલાકીથી છૂટી જાય એ શાહ. જીવનમાં ભૂલો તો બધાની થાય છે, પણ માનવહૃદય પરિવર્તનશીલ છે. આજે જેને એક વાતથી તૃપ્તિ થાય છે, તેને કાલે એ જ વાતનો અણગમો જાગે છે. સમુદ્રની ભરતી–ઓટનો નિયમ માનવહૃદયને પણ લાગુ પડે છે. જ્ઞાની અને વિવેકીને ભૂલનું ભાન થતાં તેમાંથી પાછો ફરી જાય છે, ત્યારે અજ્ઞાની પતનના માર્ગે આગળ ને આગળ વધતો જાય છે. પરંતુ જીવનમાં એક વાતની તો મને ખાતરી થઈ ગઈ છે કે, પંથભૂલેલા માનવને સાચા રસ્તે દોરવા માટે માત્ર ઉપદેશ કે ઠપકો ભાગ્યે જ મદદરૂપ થાય છે. આ માટે જરૂર છે વિશુદ્ધ પ્રેમ અને પવિત્ર સદ્ભાવની.'

મંત્રીએ પોતાની પાછલી જીવનકથની કહેતાં કહ્યું : 'યૌવન અવસ્થામાં ઉન્માદ અને ઉન્માર્ગના પંથે હું જઈ રહ્યો હતો. મારી પત્ની સિવાય ઘરની એકેએક વ્યક્તિ મારા પ્રત્યે ઘૃણા અને તિરસ્કાર સેવતી. મારી પત્ની મારા બધા દોષો શાન્તિપૂર્વક સહી લેતી. એક દિવસે તે એકાએક ભયંકર માંદી પડી ગઇ. જીવનની અંતિમ પળે મને તેણે પાસે બોલાવી કહ્યું : 'સ્થૂલ દેહદષ્ટિએ આપણો વિયોગ થવાની પળ આવી ગઇ છે, પણ મૃત્યુ પામીશ એટલે સદાને માટે તમારાથી દૂર થઇશ એમ માનવાની ભૂલ ન કરતા. જે જન્મે છે, તે અવશ્ય મૃત્યુ પામે છે, પણ પ્રેમ તો અમર્ત્ય છે, તેનું કદાપિ મૃત્યુ થતું નથી. !''

મુનિરાજે સુબાહુને પૂછ્યું : 'પ્રેમ અમર્ત્ય છે તો પછી પ્રેમને આંધળો શા માટે કહેવામાં આવે છે?'

સુબાહુએ કહ્યું : 'હું હવે એ જ વાત પર આવું છું. મારી પત્નીની વાત સાંભળી હું વિસ્મિત થયો અને મેં તેને પૂછ્યું : 'મારા જેવા દુષ્ટ અને અધમ પતિ પ્રત્યે તિરસ્કાર અને દ્વેષ થવાને બદલે તારામાં એવું કયું તત્ત્વ છે કે જે તને તારા મરણ પછી પણ મારો સંગાથ છોડાવી શકતું નથી!'

જીવનની અંતિમ પળે પણ મારી વાત સાંભળી તેને હસવું આવ્યું અને કહ્યું : "જ્ઞાનીઓએ તેથી જ પ્રેમને અંધ કહ્યો છે. પ્રેમ એક એવું અદ્ભુત તત્ત્વ છે કે જેમાં પ્રેમપાત્રના દોષ કદી જોઈ શકાતા જ નથી. પ્રેમનો અર્થ જ સમર્પણ. પ્રેમ જો નિરપેક્ષ અને શ્રદ્ધેય હોય તો દોષવાળા માણસ પર પણ પ્રેમ થાય છે. મને આવા પ્રેમની અનુભૂતિ થઇ છે અને મરતાં મરતાં એ તત્ત્વનો વારસો મારી સ્મૃતિરૂપે તમને સોંપતી જાઉં છું." આ વાત પૂરી થઈ કે આછા સ્મિતપૂર્વક તેણે પોતાનો ક્ષણભંગુર દેહ છોડ્યો.

વાત કરતાં કરતાં ગળગળા થઇ મંત્રીએ કહ્યું : 'મુનિરાજ! મૃત્યુ કરતાંયે પ્રેમમાં વધુ શક્તિ અને બળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રહ્યાં છે, એ વસ્તુનું ભાન મને મારી પત્નીના મરણ બાદ થયું. ઘણાં વર્ષો પહેલાં તે મૃત્યુ પામી છતાં આજ પણ તેના આત્માનું મારા આત્મા સાથે ઐક્ય હું અનુભવી રહ્યો છું. પ્રેમનો શું આ જેવોતેવો પ્રભાવ છે?'

'હવે તો મને ખાતરી થઇ ગઈ છે કે, આ જગતમાં વધુમાં વધુ મહત્ત્વની કોઇ વસ્તુ કુદરત તરફથી માનવજાતને બક્ષિસ મળી હોય તો તે પ્રેમ છે. સંસારનો કોઇ પણ માનવ સંપૂર્ણતઃ પાપી નથી કે સંત પણ નથી. આ જગત અને અનંતતા વચ્ચેની, દુ:ખ અને સુખ વચ્ચેની, ગુણ અને દોષ વચ્ચેની સીમારેખા પણ એક પ્રકારની પુણ્ય અને પાપની નાટિકા જેવી છે. જગતનો કયો માનવી પોતાના હૃદય પર હાથ મૂકી કહી શકશે કે તે મન, વચન અને કાયાથી સંપૂર્ણતઃ નિષ્પાપી છે? માનવમાત્ર ગુણો અને દોષોનો ભંડાર છે એટલે દોષિત માનવી ધિક્કાર કે તિરસ્કારને પાત્ર નહિ પણ પ્રેમ, સહાનુભૂતિ અને મદદનો અધિકારી છે. પાપ પ્રત્યે ભલે ઘૃણા કે તિરસ્કાર આવે, પણ પાપી પ્રત્યે તો પ્રેમ, લાગણી, દયા અને અનુકંપા જ શોભે.'

વૃક્ષ જેમ વર્ષાનાં બિંદુ પચાવે, તેમ મુનિરાજ પણ મંત્રીની વાણી પચાવી રહ્યા હતા. આખરે મુનિરાજે સુબાહુ મંત્રીને કહ્યું: 'મારા ગુરુદેવ એક વખત મને 'પ્રત્યેક પાપમાં પણ પુણ્યનાં બીજ હોઈ શકે છે' એ પાઠ સમજાવતા હતા, પણ તે દિવસે હું એ પાઠ સમજી શકેલો નહિ. આજે આ વાત મને બરોબર સમજાઈ ગઈ અને તે માટે આપને જેટલા ધન્યવાદ આપું તેટલા ઓછા છે.'

તે પછી, મંત્રી ડોળામાં બેસી નીચે ઊતરવા લાગ્યા અને મુનિરાજ ગિરનારનો પહાડ ચડવા લાગ્યા.[1]

*

1. તાજેતરમાં પ્રસિદ્ધ થનાર 'શીલધર્મની કથાઓ'માંથી ભાવનગરના મેસર્સ ટી. સી. બ્રધર્સવાળા શ્રી પંપુભાઈનાં સદ્‌ગત પત્ની અ. સૌ. જશુમતીબહેનના સ્મરણાર્થે બહાર પડનાર ઉપરના ગ્રંથમાંથી સાભાર ઉદ્ધૃત.

જ્ઞાન વિનાની ક્રિયા જડ બનશે અને ક્રિયા વિનાનું જ્ઞાન નિષ્ક્રિય-નિર્જીવ બનશે. ખૂબ વાંચવાંચ કરવાથી એ જ્ઞાન સંપાદન થતું નથી. ખરી રીતે વાંચન એકગણું, ચિંતન બેગણું અને આચરણ ચારગણું થવું જોઇએ. બહુ ઝાઝું વાંચીએ છીએ તો ભુલીએ પણ છીએ એટલે વાંચીએ ઓછું અને ચિંતન વધુ કરીએ. વળી ક્રિયાની સાથે જે જ્ઞાન આપવામાં આવે છે તે ભુલાતું નથી.

વિનોબાજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીમદ્ રાજચંદ્ર

(શ્રીમદ્ રાજચંદ્રના જન્મને સંવત ૨૦૨૩ના કાર્તિક પુર્ણિમાના રોજ ૧૦૦ સોમું વર્ષ શરૂ થયું હોવાથી તેઓશ્રીની ટૂંકી જીવન ઝરમર અત્રે આપવામાં આવે છે.)

શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ સંવત ૧૯૨૪ના કાર્તિક સુદ ૧૫ના શુભદિને વવાણીયામાં થયેલો. પિતાનું નામ રવજીભાઇ અને માતાનું નામ દેવબા હતું. તેમના દાદા શ્રીકૃષ્ણના ભક્ત હતા. સાત વર્ષની ઉંમરે શ્રીમદ્‌ને જાતીસ્મરણ જ્ઞાન થયું હતું અને આઠ વર્ષની ઉંમરમાં રામાયણ તથા મહાભારતની પદ્યમાં ૫૦૦૦ કડીઓ તેમણે રચી હતી એમ કહેવાય છે. દશમા વર્ષે છટાદાર રસપ્રચુર ભાષણો ઘણા વિષયો ઉપર આપેલા હતા.

શ્રીમદ્‌ને ન્યાયાધીશ શ્રી ધારશીભાઇ તથા હેમરાજભાઈ મળવા આવવાના હતા, પણ તેની તેમને કે બીજા કોઇને અગાઉથી ખબર આપી ન હતી, છતાં શ્રીમદ્ તેમને સામા લેવા ગયા અને નામ દઈ બોલાવ્યા; તેથી તેઓને આશ્ચર્ય થયું. અમારૂં નામ તથા આવવાના છીએ તે આપે શાથી જાણ્યું તેમ પુછતાં તેમણે કહેલું કે "આત્માની અનંત શક્તિ છે" તે વડે અમે જાણ્યું છે. શ્રીમદ્‌ને કાશી વધુ અભ્યાસ માટે મોકલવાની તેઓની ઈચ્છા હતી, પણ આવા અજબ શક્તિવાળા નિર્મળ આત્માને ભણવા મોકલવાની જરૂર ન લાગી; અને વાતચિત કરતાં શ્રીમદ્ તેમને મહાપુરૂષ લાગ્યા. શ્રીમદ્‌ની સ્મરણશક્તિ અદ્‌ભૂત હતીઃ સંવત ૧૯૪૩માં મુંબઈમાં શતાવધાન–૧૦૦ અવધાન–કરેલા, તે વખતે મુંબઇના હાઇકોર્ટના ન્યાયમૂર્તિ સર ચાર્લ્સ સારજને અવધાનોથી આશ્ચર્ય પામી યુરોપ લઈ જવા માટે કહેલું. પરંતુ અવધાનથી ખૂબ માનમરતબો મળવો તે તેમને આત્મિક ઉન્નતિમાં અંતરાયરૂપ લાગ્યું. તેથી વીસ (૨૦) વર્ષની વય પછી અવધાન કરવાનું એકદમ બંધ કરી દીધું.

શ્રીમદ્ સ્થાનકવાસી જૈન હતા. પણ તેમને પ્રતિમા ઉપર શ્રદ્ધા હતી, અને આલંબન માટે પ્રતિમા જરૂરી માનતા હતા. સંવત ૧૯૪૪ના મહા સુદ ૧૨ના રોજ તેઓશ્રીના ઝવેરી રેવાશંકર જગજીવનદાસના મોટાભાઈ પોપટભાઇની સુપુત્રી શ્રી ઝબકબાઈ સાથે લગ્ન થયેલા, પરંતુ લગ્ન પછી એક વર્ષ બાદ તેઓ લખે છે કે "સ્ત્રી એ સંસારનું સર્વોત્તમ સુખ માત્ર આવરણીક દૃષ્ટિથી કલ્પાયું છે." જે જે પદાર્થે જુગુપ્સા રહી છે તે તે પદાર્થ તેના શરીરમાં રહ્યા છે, અને તેથી જ તે જન્મભૂમીકા છે. વળી તે સુખ ક્ષણિક, ખેદ, અને ખસના દર્દ રૂપ જ છે.

શ્રીમદ્ ઝવેરી રેવાશંકર જગજીવનદાસની પેઢીમાં ભાગીદાર હતા. તે વખતે એક વેપારી સાથે હીરાના સોદા કર્યા અને અમુક સમયે હીરા પાછા આપવાનો તેઓએ ખતપત્ર પણ શ્રીમદ્‌ને લખી આપ્યો. પરંતુ સમય પાકતાં હીરાની કિંમત ઘણી વધી ગઈ, તેથી જો હીરા આપે તો વેપારીને બહુ મોટું નુકશાન જાય તેમ હતું. તેથી શ્રીમદ્ વેપારીને ત્યાં ગયા. વેપારી તેમને જોઇ ખૂબ ચિંતામાં પડ્યો. ચિંતાનું કારણ આ આપણું કાગળીયું છે, માટે શ્રીમદે તે દસ્તાવેજ તેમની રૂબરૂ ફાડી નાંખી કહ્યું કે આ ખતપત્ર પ્રમાણે તમારે મને ૬૦–૭૦ હજાર આપવાના થાય, પણ હું તમારી સ્થિતિ સમજી શકું છું. "રાયચંદ દૂધ પી શકે છે, લોહી નહી." આવી તેમની કરૂણાદૃષ્ટિ હતી. શ્રીમદ્ ઝવેરાતનો ધંધો કરતા હતા, પણ ફૂરસદના સમયે ધર્મગ્રંથો પાસે રાખી વાંચતા અને નોંધપોથીમાં વિચારો નોંધતા હતા.

મહાત્મા ગાંધીજી વિલાયતથી દેશમાં આવ્યા ત્યારે મહાત્માજી લખે છે કે "તે વેળા હું ભિખારી બેરિસ્ટર હતો." પણ જ્યારે હું શ્રીમદ્‌ની દુકાને પહોંચ્યો ત્યારે મારી સાથે ધર્મવાતો સિવાય બીજી વારતાઓ કરતા ન હતા. હું ઘણા ધર્માચાર્યોના પ્રસંગમાં આવ્યો છું, પણ જે છાપ મારા ઉપર શ્રી રાયચંદભાઇએ પાડી છે તે બીજા કોઇ પાડી શકયા નથી. ખૂન કરનાર ઉપર પણ પ્રેમ કરવો એ દયાધર્મ મને તેમણે શીખવ્યો છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ ધર્મનું તેમની પાસેથી મેં કુંડા ભરી પાન કર્યું છે.''

શ્રીમદે ૧૬ વર્ષ અગાઉ મોક્ષમાર્ગ તથા ભાવના-બોધ નામના અપૂર્વ ગ્રંથ લખ્યા છે. તેમ જ ઘણા સાધકો પોતાની આત્મિક મુંઝવણ પુછાવતાં તેના તેઓ જવાબ આપતા હતા, જે **શ્રીમદ્ રાજચંદ્ર** નામના ગ્રંથમાં લગભગ એક હજાર છપાયાં છે.(આ ગ્રંથ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસમાંથી રૂ. ૧૦ની કિંમતે મળી શકે છે.) સ્વ સાક્ષર આનંદશંકર બાપુભાઇ ધ્રુવે તેમના ભાષણમાં જણાવ્યું છે કેઃ-ગુજરાતના જાહેર-જીવનમાં મારૂં જે અલ્પસ્થાન છે તે લક્ષમાં લઈ અને મારે શિરે જે જવાબદારી રહેલી છે તેનો વિચાર કરી મારે કહેવું જોઇએ કે શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથને એક આદર્શ રૂપે રાખવામાં આવે તો તેના ઉપાસકને અત્યંત લાભ થયા વગર રહેશે નહી. એ ગ્રંથમાં તત્વજ્ઞાનના ઝરણાં વહ્યા કરે છે. એ ગ્રંથ કોઈ ધર્મનો વિરોધી નથી, કારણ કે તેની શૈલી બહુ ગંભીર પ્રકારની છે. હું આ ગ્રંથ વાંચવાની અને વિચારવાની સહુને વિનંતી કરૂં છું.

સંવત ૧૯૫૨ ના આસો વદ ૧ ના રોજ નડિયાદ મુકામે શ્રીમદે આત્મસિદ્ધિ શાસ્ત્રની ૧૪૨ કડીઓ બે કલાકમાં રચી હતી. તેના માટે વિદ્વાન પંડિત શ્રી સુખલાલજી લખે છે કે "જે ઉંમરે અને જેટલા ટૂંક સમયમાં શ્રીમદે આત્મસિદ્ધિમાં પોતે પચાવેલું જ્ઞાન ગુથ્યું છે, તેનો વિચાર કરું છું ત્યારે મારુ મસ્તક ભક્તિભાવે નમી પડે છે; એટલું જ નહીં પણ મને લાગે છે કે તેમણે આધ્યાત્મિક મુમુક્ષુઓને આપેલી આ ભેટ એ તે સેંકડો વિદ્વાનોએ આપેલી સાહિત્યક ગ્રંથરાશીની ભેટ કરતાં વિશેષ મૂલ્યવંતી છે. "

જૈન, જૈનેતર, આત્મવિષયક મહત્ત્વપૂર્ણ ગ્રંથ સાથે સરખામણી કરતાં અનાયાસે કહેવાય જાય છે કે પ્રસ્તુત આત્મસિદ્ધિ એ સાચે જ આત્મોપનિષદ્ છે. જૈન મુમુક્ષુઓ માટે તે ગીતાની ગરજ સારે તેવું છે.

શ્રીમદ્ નિવૃત્તિ અર્થે ઇડર, વડવા, કાવિઠા, રાળજ, આણંદ, નડિયાદ, મોરબી, રાજકોટ, સાયલા, અમદાવાદ, નરોડા વિગેરે સ્થળે ઘણી વખતે જતા હતા, અને ધંધામાં જાણવા પ્રમાણે લાખ રૂપિયા ઉપરની રકમ તેમના નામે જમા હતી તે તમામ પોતાના પિતા, પુત્ર તથા પત્ની હયાત હોવા છતાં, તેમના લઘુબંધુ શ્રી મનસુખભાઇને આપી ધંધામાંથી નિવૃત થયા હતા. એથી ધંધો ઋણ ચુકવવા કર્યો હોય તેમ અનુમાન થાય છે. શ્રીમદ્‌ની દિક્ષા લેવાની ભાવના હતી, પરંતુ નાદુરસ્ત તબિયતના અંગે લઇ શકેલા નહીં. સંવત ૧૯૫૭ ના ચૈત્ર વદ ૫ ના રોજ ૩૩ વર્ષની ઉંમરે રાજકોટ સ્વર્ગ-વાસી થયેલા. જ્યાં હાલ તેમની સમાધી છે. તેમના સુપુત્રી શ્રી જવલબહેન હયાત છે, અને મોટોભાગ વવાણીયા-મોરબી પાસે રહે છે. શ્રીમદ્‌ના નામથી અગાસ, વડવા, વવાણીયા, ઇડર, ઉત્તરસંડા નાર, કાવિઠા, ભાદરણ, સુનાર, સીમરડા, ધામણી, સરોત્રા, આહોર, ઇન્દોર, અમદાવાદ, વઢવાણ, બોરસદ, કલોલ, વસો, નરોડા, બેંગલોર, વડાલી, હમ્પી, દેવલાલી વિગેરે સ્થળે આશ્રમોની સ્થાપના થયેલી છે જેનો સેંકડો મુમુક્ષુઓ લાભ લે છે. અગાસ આશ્રમવાળા પૂ. મહારાજશ્રી લઘુરાજે હજારો પટેલોને જૈનધર્મી બનાવ્યા છે.

*

> જેની પાસે ઓછામાં ઓછું છે તે ગરીબ નથી; પણ જેને વધારે ને વધારે જોઇએ છે તે ગરીબ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શા પ રી આ

બનાવનાર

બારજીસ
લાઈફ બોટસ
ટગ્ઝ
ડ્રેજર્સ
પેસેન્જર સ્ટીમર્સ
પોન્ટુન્સ
મુરીંગ બોયઝ
બોયન્ટ એપરેટસ વિગેરે

બનાવનાર

રોલીંગ શટર્સ
ફાયર પ્રૂફ ડોર્સ
રોડ રોલર્સ
વ્હીલ બેરોઝ
રેફ્યુઝ હેન્ડ કાર્ટસ
પેલ ફેન્સીંગ
લેડ-યુલાઈટ (લેડવુલ)
સ્ટીલ ટેન્કસ

શાપરીયા ડોક એન્ડ સ્ટીલ કું પ્રા. લીમીટેડ

—: શીપ બીલ્ડર્સ અને એન્જીનીઅર્સ :—

ચેરમેન : શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ
મેનેજીંગ ડીરેકટર્સ : શ્રી મોહનલાલ ભાણજી શાપરીઆ
શ્રી અમૃતલાલ ભાણજી શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફીસ અને શીપયાર્ડ
શીવરી ફ્રોર્ટ રોડ,
મુંબઈ નં. ૧૫ (ડી.ડી.)
ફોન નં. ૪૪૦૦૭૧, ૪૪૦૦૭૨, ૪૪૩૧૩૩
ગ્રામ : "શાપરીઆ" શીવરી, મુંબઈ

એન્જીનીઅરીંગ વર્કસ અને ઓફીસ
પરેલ રોડ, ક્રોસ લેન
મુંબઇ નં. ૧૨ (ડી.ડી.)
ફોન નં. ૩૭૦૮૦૮, ૩૭૪૮૯૩
ગ્રામ : "શાપરીઆ" પરેલ, મુંબઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સભાનો મણિમહોત્સવ

આનંદ અને ઉલ્લાસ વચ્ચે શરૂ થયેલી કાર્યવાહી

ધાર્મિક ઉન્નતિ અને જ્ઞાનોપાસનાની ઉચ્ચ ભાવનાભરી પ્રેરણા વચ્ચે આજથી સિત્તેર વરસ પૂર્વે ભાવનગરના યુવાનોએ આનંદ અને ઉલ્લાસ ભર્યા વાતાવરણ વચ્ચે આ સભાની સ્થાપના કરી.

જૈન સાહિત્યનો પ્રચાર, જ્ઞાનોપાસના અને સમાજોન્નતિ એ સભાની દૃષ્ટિ હતી. કંઈક ને કંઈક કરી છૂટવાની તમન્ના કાર્યકરોના દિલમાં ભરી હતી, અને નિજ ધ્યેયને પહોંચી વળવાની ભાવનાથી સભાએ પોતાની કુચ શરૂ કરી, અને સં. ૨૦૨૨ના જેઠ શુ. ૨, તા. ૨૨-૫-૬૬, રવિવારે સભાની સિત્તેર વરસની મઝલ પૂરી થઈ.

સાગર જેવો વિશાળ પટ ધરાવતી મોટી મોટી સરિતાઓના મૂળમાં જરા દૃષ્ટિ કરીશું તો એક નાના-સરખા ઝરણામાંથી તેનો આરંભ થયો હોય છે. પરંતુ અદમ્ય ઉત્સાહથી વહેતું ઝરણું આગળ જતાં કેવું વિશાળ સ્વરૂપ ધારણ કરે છે તેનો વિચાર કરીએ ત્યારે ઘડીભર આપણને આશ્ચર્ય થાય છે.

સભાની સિત્તેર વરસની યશસ્વી મઝલનો ઇતિહાસ કંઈક આવો આશ્ચર્યજનક છે સિત્તેર વરસની મઝલમાં સભાને ગુરૂકૃપાથી એક પછી એક કર્તવ્યપરાયણ ઉત્સાહી કાર્યકરો મળતા ગયા, પૂજ્ય આચાર્યશ્રી વિજયાનંદસૂરીશ્વરજી (શ્રી આત્મારામજી) મહારાજના વિદ્વાન શિષ્યરત્નોનો સાથ મળતો રહ્યો, અને આજે સભાને ગૌરવ લેવા જેવા સંસ્કૃત-ગુજરાતી આદિ બસો ઉપરાંત ઉત્તમોત્તમ અમૂલ્ય ગ્રંથરત્નો પ્રગટ કરવાનો અને જૈન-જૈનેતર સાહિત્ય-પિપાસુઓ વચ્ચે ઉદારતાથી તેનો પ્રચાર કરવાની અમૂલ્ય તક સાંપડી. મહામૂલા પ્રાચીન સાહિત્યનો તેમજ એક સમૃદ્ધ-પુસ્તકાલય વસાવવાનો સભાને લાભ પણ મળ્યો, અને શિક્ષણ તેમજ સમાજોન્નતિના અવનવાં કાર્યો કરવાની પણ તેને તક મળી. જૈન સમાજને ગૌરવ લેવા જેવી સભાની આ સિદ્ધિઓ ગણાય.

એમ છતાં સાહિત્ય અને શિક્ષણક્ષેત્રે હજુ ઘણું કરવાનું બાકી છે. આજે સૌરાષ્ટ્ર યુનીવાસટીની સ્થાપના થઈ ગઇ છે અને તેમાં "જૈનોલોજી"ના અભ્યાસ માટે એક ચેર સ્થાપવાની જરૂરિયાત આપણી સામે ઉભી છે બીજી બાજુ જૈન-ધર્મના પ્રચાર માટે આધુનિક દૃષ્ટિએ જૈન સાહિત્ય પ્રકાશનની દિશામાં પણ આપણે ઘણું કરવાનું બાકી છે. આ હેતુને લક્ષમાં રાખીને સભાએ પોતાનો મણિમહોત્સવ ફાગણ માસમાં અનુકૂળ દિવસોએ ઉજવવાનો નિર્ણય કર્યો છે. અને તેની જાહેરાત અગાઉ પણ થઇ ગઇ છે. આ મણિમહોત્સવ ભાવનગરના ગૌરવને અનુરૂપ થાય અને તેમાંથી સભા નવા-કાર્યની પ્રેરણા મેળવે તે માટે આ પ્રસંગે જૈન-જૈનેતર વિદ્વાનોને આમંત્રી, તેઓની સાથે ચર્ચા વિચારણા કરી સભાની હવે પછીના કાર્યપ્રદેશની-રૂપરેખા નક્કી કરવાની જોગવાઇ વિચારમાં આવી છે તેમ જ આપણા પ્રાચીન સાહિત્યનો ખ્યાલ આવે તે માટે જૈન સાહિત્યનું એક પ્રદર્શન યોજવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો છે. તેમ જ અથાગ પરિશ્રમ લઇને મહાન વિદ્વદ્ રત્ન મુનિ મહારાજશ્રી જંબૂવિજયજી મહારાજે તૈયાર કરેલ "દ્વાદશારનયચક્ર"ના મહાન ગ્રંથના પ્રથમ ભાગનો

For Private And Personal Use Only

પ્રકાશનવિધિ કરવાનો પણ નિર્ણય કરેલ છે, તેમ જ નવી પ્રેરણા અને નવી દ્રષ્ટિ મેળવીને સભા પ્રગતિના પંથે આગળ કુચ કરે તે અંગેનો કાર્યક્રમ યોજવાની પણ દ્રષ્ટિ રાખવામાં આવી છે.

સભાની સાહિત્ય પ્રકાશનની અપૂર્વ સિદ્ધિનો સભાને પ્રાપ્ત થએલ યશ પૂ. આત્મારામજી મહારાજના વિદ્વાન શિષ્યરત્નો તેમજ બીજા ઘણા વિદ્વાનોને ફાળે છે. પૂ. પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી મહારાજથી માંડીને તેઓશ્રીના વિદ્વાન શિષ્યરત્નોનો ફાળો મહત્ત્વનો ગણી શકાય. આગમ પ્રભાકર પૂજ્ય પુણ્યવિજયજી મહારાજ તરફથી આજે મળી રહેલ પ્રેરણાઓ ને સહકાર સભા ભૂલી શકે તેમ નથી. તેઓશ્રી સભાના આ મણિમહોત્સવ પ્રસંગે હાજર રહે અને તેઓશ્રીના માર્ગદર્શન અને આશિર્વાદથી આ સભા નવું પ્રેરણાબળ પ્રાપ્ત કરે તેવી ભાવના સભાના દિલમાં હતી અને તે માટે તેઓશ્રીને આ પ્રસંગે ભાવનગર પધારવાની આગ્રહ પૂર્વક વિનતિઓ અવારનવાર કરવામાં આવતી હતી પરિણામે અમોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે સભાની વિનતિનો આખરે તેઓશ્રીએ સ્વીકાર કર્યો છે. અને ફાગણ માસમાં અનુકુળ દિવસોમાં તેઓશ્રી અત્રે પધારશે. એટલે સભાના પ્રાણસમા આગમ પ્રભાકર પૂ. પુણ્યવિજયજી મહારાજની નિશ્રામાં આ મણિ-મહોત્સવ ઉજવવાની સભાને અપૂર્વ તક સાંપડી છે તે આપણા માટે અત્યંત આનંદનો પ્રસંગ છે.

સદ્‌ભાગ્યે ઉપર મુજબ અનુકુળતાઓ પ્રાપ્ત થતાં, સભામાં 'મણિ-મહોત્સવ" ઉજવવાની કાર્યવાહી ઉલ્લાસપૂર્વક શરૂ કરી છે અને તેમાં સૌનો સારો સહકાર સાંપડતો જાય છે.

તા. ૧૪-૧૨-૬૬ના સભાની કાર્યવાહક કમિટિની મીટીંગ શ્રી ખીમચંદ ચાંપશી શાહના પ્રમુખપણા નીચે મળતાં, સભાના મણિ-મહોત્સવ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી, અને તે વિચારણા અનુસાર મહોત્સવનું કાર્ય આગળ ધપાવવા માટે જરૂરિયાત મુજબ વધુ સભ્યો નિયુક્ત કરવાની સત્તા સાથે ૨૩ સભ્યોની એક "મણિ-મહોત્સવ સમિતિ" નિયુક્ત કરવામાં આવેલ છે.

—: મણિમહોત્સવ સમિતિ :—

૧	શ્રી ભોગીલાલભાઈ મગનલાલ શાહ	પ્રમુખ
૨	,, ખીમચંદ ચાંપશી શાહ	જોઈન્ટ પ્રમુખ
૩	,, ફતેહચંદ ઝવેરભાઈ શાહ	ઉપપ્રમુખ
૪	,, ગુલાબચંદ લલ્લુભાઈ શાહ	ઉપપ્રમુખ
૫	,, ચત્રભુજ જેચંદભાઈ શાહ	સેક્રેટરી
૬	,, જાદવજી ઝવેરભાઈ શાહ	સેક્રેટરી
૭	,, હરિલાલ દેવચંદ શેઠ	સેક્રેટરી
૮	,, રમણલાલ અમૃતલાલ શેઠ	ટ્રેઝરર
૯	,, જગજીવનદાસ શિવલાલ પરીખ	સભ્ય
૧૦	,, જગજીવનદાસ ભગવાનદાસ શાહ	,,
૧૧	,, પરમાણંદદાસ નરોત્તમદાસ વોરા	,,
૧૨	,, ભાયચંદ અમરચંદ શાહ	,,
૧૩	શ્રી દીપચંદ જીવણલાલ શાહ	સભ્ય
૧૪	,, બેચરલાલ નાનચંદ શાહ	,,
૧૫	,, ભોગીલાલ વેલચંદ શાહ	,,
૧૬	,, સાકરલાલ ગાંડાલાલ વેલાણી	,,
૧૭	,, હીરાચંદ હરગોવનદાસ શાહ	,,
૧૮	,, પ્રભુદાસ મૂળચંદ શાહ	,,
૧૯	,, કુંદનલાલ કાનજીભાઈ શાહ	,,
૨૦	,, લલ્લુભાઈ દેવચંદ શાહ	,,
૨૧	,, ખીમચંદ ફુલચંદ શાહ	,,
૨૨	,, કાંતિલાલ જગજીવનદાસ શાહ	,,
૨૩	,, કાંતિલાલ રતિલાલ સલોત	,,

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ મહોત્સવ ભાવનગરના ગૌરવને અનુરૂપ ઉજવાય તે માટે સભાના સભ્યો અને અન્ય અગ્રગણ્ય સદ્‌ગૃહસ્થોની એક મિટિંગ સભાના લાયબ્રેરી હોલમાં તા. ૧૮-૧૨-૬૬ના રોજ રાખવામાં આવેલ હતી. આ પ્રસંગે સદ્‌ગૃહસ્થો અને સભ્યોએ સારી સંખ્યામાં હાજર રહી મણિ-મહોત્સવ માટે સારો ઉત્સાહ વ્યક્ત કર્યો હતો.

આ મિટિંગનું પ્રમુખસ્થાન આ સભાના માનવંતા પેટ્રન શ્રીયુત ભોગીલાલભાઈ મગનલાલ શાહે સ્વીકાર્યું હતું. અને આ સભાના પ્રમુખ શ્રી ખીમચંદ ચાંપશી શાહે સભાનો ઇતિહાસ અને મણિ-મહોત્સવની રૂપરેખા વિસ્તારથી રજૂ કરી હતી.

સૌ ભાઇઓએ મહોત્સવની સફળતા માટે પોતાનાથી બનતો સહકાર આપવાની ભાવના વ્યક્ત કરી હતી અને મહોત્સવની કાર્યવાહી આગળ ધપાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

ત્યારબાદ મણિ-મહોત્સવ કાર્યવાહક સમિતિની પ્રથમ બેઠક તા. ૧-૧-૬૭ રવિવારે શ્રીયુત ભોગીલાલભાઇ મગનલાલ શાહના પ્રમુખપણા નીચે મળતા સભાના પ્રમુખ શ્રી ખીમચંદ ચાંપશી શાહે મહોત્સવની કાર્યવાહી અંગે મહત્વની હકીકત રજૂ કરી હતી. અને મહોત્સવનું કાર્ય આગળ ધપાવવા માટે જુદાં જુદાં કાર્યો માટે (૧) ફંડ-કમિટિ (૨) સાહિત્ય પ્રદર્શન કમિટિ (૩) પ્રકાશન-પ્રચાર કમિટિ (૪) સમારંભ કમિટિ વગેરે પેટા કમિટિઓ નિયુક્ત કરવામાં આવી હતી.

દરેક કમિટિએ પોત-પોતાનું કાર્ય ઉત્સાહપૂર્વક શરૂ કરેલ છે. અને અમને આનંદ થાય છે કે સૌનો તેને સારો સહકાર મળી રહ્યો છે.

....શ્રી આત્માનંદ પ્રકાશ....

(માસિક)

શ્રી આત્માનંદ પ્રકાશ માસિક ૬૪ વર્ષથી નિયમિત આ સભા તરફથી પ્રગટ થાય છે તેમાં નૈતિક, ધાર્મિક, ઐતિહાસિક, આધ્યાત્મિક વગેરે અનેક વિષયોના વિદ્વાન લેખકોના સુંદર લેખો દર માસે આવે છે જે વાંચવા અને મનન કરવા જેવા હોય છે.

હજુ સુધી છાપકામની વધતી જતી સખ્ત મોંઘવારી છતાં ખર્ચની દરકાર ન કરતા ઊચ્ચ કોટિનું સાહિત્ય પૂરું પાડવા ખાસ લક્ષ આપવામાં આવે છે.

શ્રી આત્માનંદ પ્રકાશ માસિકનો જૈન સમાજ, લાઇબ્રેરીઓ વિદ્યાલયો, ગૃહસ્થો વગેરે છૂટથી લાભ લઇ શકે તે માટે તેનું વાર્ષિક લવાજમ માત્ર રૂા. ૫-૦ (પોસ્ટેજ સહિત) રાખવામાં આવેલ છે, જેથી આપશ્રી આ માસિકના ગ્રાહક ન હો તો પહેલી તકે આપનું નામ ગ્રાહકની શ્રેણીમાં નોંધાવી જ્ઞાનભક્તિમાં પણ આ રીતે આપનો હિસ્સો આપશો, એવી આશા રાખીએ છીએ અને આપના સ્નેહી, સંબંધીઓ, આપના હસ્તકની સંસ્થાઓ વગેરેને આ માસિકના ગ્રાહક થવા યોગ્ય પ્રેરણા કરશો એવી નમ્ર વિનંતિ પણ કરીએ છીએ.

આ માસિક સભાના મુરબ્બી (પેટ્રન) તથા આજીવન સભ્ય (લાઇફ મેમ્બર)ને ભેટ મળે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ATMANAND PRAKASH Regd No. G. 49

વિનતિ

જૈન સાહિત્ય અને શિક્ષણના ક્ષેત્રમાં આ સભા છેલ્લા ૭૦ વરસ ઉપરાંતથી પોતાનાથી બનતી સેવા કરી રહી છે.

આ સભા તરફથી શ્રી આત્માનંદ જૈન સંસ્કૃત ગ્રંથ રત્નમાળા તથા શ્રી આત્માનંદ જૈન ગુજરાતી ગ્રંથમાળા ચાલે છે અને તે દ્વારા આજ સુધીમાં લગભગ બસો કિંમતી ગ્રંથોનું સભાએ પ્રકાશન કર્યું છે. અને તેનો પ્રચાર ભારત અને ભારત બહારના દેશોમાં થયો છે. અનેક વિદ્વાનોએ આ કિંમતી પ્રકાશનોને પ્રેમપૂર્વક સત્કાર્યાં છે.

આ ઉપરાંત સભા શિક્ષણપ્રચાર અને ગુરુભક્તિ નિમિત્તે સમયોચિત સેવા કરી રહેલ છે.

સંસ્થાની આ પ્રવૃત્તિથી આકર્ષાઈને ભારત ભરના અનેક ગૃહસ્થોએ પોતાનું નામ સંસ્થાના પેટ્રન, આજીવન સભ્ય કે સભ્ય તરીકે આ સંસ્થા સાથે જોડીને પોતાનો સહકાર આપ્યો છે સભાને માટે એ ગૌરવનો વિષય છે.

સભા હજુ આજની જરૂરિયાતને પહોંચી વળવા માટે બનતી સાહિત્યસેવા કરવા માગે છે.

આપ આ સંસ્થામાં ન જોડાયા હો તો આપને નમ્ર વિનંતિ કે સભાના પેટ્રન, આજીવન સભ્ય કે સામાન્ય સભ્ય બનીને અગરતો સભાની સાહિત્ય પ્રવૃત્તિને વેગ આપવા માટે બીજી રીતે આપનો બનતો ફાળો નોંધાવીને સભાની પ્રવૃત્તિને વેગવાન બનાવવામાં સહાયભૂત થાઓ.

સભાને આપ નીચેની રીતે સાથ આપી શકો છો.–

રૂા. ૫૦૧) અગર તો વધારે આપીને સભાના આશ્રયદાતા (પેટ્રન) બનીને,

રૂા ૧૦૧) અગરતો વધારે આપીને સભાના આજીવન સભ્ય બનીને,

અગરતો આપ સંસ્થાના વિકાસ માટે આપની વિદ્વતાનો કે અનુભવનો કે આર્થિક મદદનો યોગ્ય ફાળો આપીને.

શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

તંત્રી અને પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ મહોત્સવ ભાવનગરના ગૌરવને અનુરૂપ ઉજવાય તે માટે સભાના સભ્યો અને અન્ય અગ્રગણ્ય સદ્‌ગૃહસ્થોની એક મિટિંગ સભાના લાયબ્રેરી હોલમાં તા. ૧૮–૧૨–૬૬ના રોજ રાખવામાં આવેલ હતી. આ પ્રસંગે સદ્‌ગૃહસ્થો અને સભ્યોએ સારી સંખ્યામાં હાજર રહી મણિ–મહોત્સવ માટે સારો ઉત્સાહ વ્યક્ત કર્યો હતો.

આ મિટિંગનું પ્રમુખસ્થાન આ સભાના માનવંતા પેટ્રન શ્રીયુત ભોગીલાલભાઈ મગનલાલ શાહે સ્વીકાર્યું હતું. અને આ સભાના પ્રમુખ શ્રી ખીમચંદ ચાંપશી શાહે સભાનો ઇતિહાસ અને મણિ–મહોત્સવની રૂપરેખા વિસ્તારથી રજૂ કરી હતી.

સૌ ભાઈઓએ મહોત્સવની સફળતા માટે પોતાનાથી બનતો સહકાર આપવાની ભાવના વ્યક્ત કરી હતી અને મહોત્સવની કાર્યવાહી આગળ ધપાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

ત્યારબાદ મણિ–મહોત્સવ કાર્યવાહક સમિતિની પ્રથમ બેઠક તા. ૧–૧–૬૭ રવિવારે શ્રીયુત ભોગીલાલભાઇ મગનલાલ શાહના પ્રમુખપણા નીચે મળતા સભાના પ્રમુખ શ્રી ખીમચંદ ચાંપશી શાહે મહોત્સવની કાર્યવાહી અંગે મહત્ત્વની હકીકત રજૂ કરી હતી. અને મહોત્સવનું કાર્ય આગળ ધપાવવા માટે જુદાં જુદાં કાર્યો માટે (૧) ફંડ-કમિટિ (૨) સાહિત્ય પ્રદર્શન કમિટિ (૩) પ્રકાશન–પ્રચાર કમિટિ (૪) સમારંભ કમિટિ વગેરે પેટા કમિટિઓ નિયુક્ત કરવામાં આવી હતી.

દરેક કમિટિએ પોત–પોતાનું કાર્ય ઉત્સાહપૂર્વક શરૂ કરેલ છે. અને અમને આનંદ થાય છે કે સૌનો તેને સારો સહકાર મળી રહ્યો છે.

....શ્રી આત્માનંદ પ્રકાશ....

(માસિક)

શ્રી **આત્માનંદ પ્રકાશ** માસિક ૬૪ વર્ષથી નિયમિત આ સભા તરફથી પ્રગટ થાય છે તેમાં નૈતિક, ધાર્મિક, ઐતિહાસિક, આધ્યાત્મિક વગેરે અનેક વિષયોના વિદ્વાન લેખકોના સુંદર લેખો દર માસે આવે છે જે વાંચવા અને મનન કરવા જેવા હોય છે.

હજુ સુધી છાપકામની વધતી જતી સખ્ત મોંઘવારી છતાં ખર્ચની દરકાર ન કરતા ઉચ્ચ કોટિનું સાહિત્ય પૂરું પાડવા ખાસ લક્ષ આપવામાં આવે છે.

શ્રી **આત્માનંદ પ્રકાશ** માસિકનો જૈન સમાજ, લાઇબ્રેરીઓ વિદ્યાલયો, ગૃહસ્થો વગેરે છૂટથી લાભ લઇ શકે તે માટે તેનું વાર્ષિક લવાજમ માત્ર રૂા. ૫–૦ (પોસ્ટેજ સહિત) રાખવામાં આવેલ છે, જેથી આપશ્રી આ માસિકના ગ્રાહક ન હો તો પહેલી તકે આપનું નામ ગ્રાહકની શ્રેણીમાં નોંધાવી જ્ઞાનભક્તિમાં પણ આ રીતે આપનો હિસ્સો આપશો, એવી આશા રાખીએ છીએ અને આપના સ્નેહી, સંબંધીઓ, આપના હસ્તકની સંસ્થાઓ વગેરેને આ માસિકના ગ્રાહક થવા યોગ્ય પ્રેરણા કરશો એવી નમ્ર વિનંતિ પણ કરીએ છીએ.

આ માસિક સભાના મુરબ્બી (પેટ્રન) તથા આજીવન સભ્ય (લાઇફ મેમ્બર)ને ભેટ મળે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ATMANAND PRAKASH Regd No. G. 49

વિનતિ

જૈન સાહિત્ય અને શિક્ષણના ક્ષેત્રમાં આ સભા છેલ્લા ૭૭ વરસ ઉપરાંતથી પોતાનાથી બનતી સેવા કરી રહી છે.

આ સભા તરફથી શ્રી આત્માનંદ જૈન સંસ્કૃત ગ્રંથ રત્નમાળા તથા શ્રી આત્માનંદ જૈન ગુજરાતી ગ્રંથમાળા ચાલે છે અને તે દ્વારા આજ સુધીમાં લગભગ બસો કિંમતી ગ્રંથોનું સભાએ પ્રકાશન કર્યું છે. અને તેનો પ્રચાર ભારત અને ભારત બહારના દેશોમાં થયો છે. અનેક વિદ્વાનોએ આ કિંમતી પ્રકાશનોને પ્રેમપૂર્વક સત્કાર્યાં છે.

આ ઉપરાંત સભા શિક્ષણપ્રચાર અને ગુરુભક્તિ નિમિત્તે સમયોચિત સેવા કરી રહેલ છે.

સંસ્થાની આ પ્રવૃત્તિથી આકર્ષાઈને ભારત ભરના અનેક ગૃહસ્થોએ પોતાનું નામ સંસ્થાના પેટ્રન, આજીવન સભ્ય કે સભ્ય તરીકે આ સંસ્થા સાથે જોડીને પોતાનો સહકાર આપ્યો છે સભાને માટે એ ગૌરવનો વિષય છે.

સભા હજુ આજની જરૂરિયાતને પહોંચી વળવા માટે બનતી સાહિત્યસેવા કરવા માગે છે.

આપ આ સંસ્થામાં ન જોડાયા હો તો આપને નમ્ર વિનંતિ કે સભાના પેટ્રન, આજીવન સભ્ય કે સામાન્ય સભ્ય બનીને અગરતો સભાની સાહિત્ય પ્રવૃત્તિને વેગ આપવા માટે બીજી રીતે આપનો બનતો ફાળો નોંધાવીને સભાની પ્રવૃત્તિને વેગવાન બનાવવામાં સહાયભૂત થાઓ.

સભાને આપ નીચેની રીતે સાથ આપી શકો છો.–

રૂા. ૫૦૧) અગર તો વધારે આપીને સભાના આશ્રયદાતા (પેટ્રન) બનીને,

રૂા ૧૦૧) અગરતો વધારે આપીને સભાના આજીવન સભ્ય બનીને,

અગરતો આપ સંસ્થાના વિકાસ માટે આપની વિદ્વતાનો કે અનુભવનો કે આર્થિક મદદનો યોગ્ય ફાળો આપીને.

શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

તંત્રી અને પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર.

For Private And Personal Use Only